# રાજકોટ મિરર

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

DAILY MORNING NEWS PAPER

Year : 15 | Issue : 433 | Dt. 19-09-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# ટેરિફ યુદ્ધના ભણકારા!

## અમેરિકા-કેનેડા વચ્ચે ચાલતા રાજદ્વારી વિવાદમાં વળાંક





નવી દિલ્હી, તા.૧૮

અમેરિકા-કેનેડા વચ્ચેના રાજદ્વારી વિવાદમાં નવો વળાંક આવ્યો છે. યુરોપિયન યુનિયને કેનેડાને પોતાનો પ્રથમ સહયોગી સભ્ય બનવાની ઓફર કરી છે. ફ્રાન્સના સ્ટ્રાસબર્ગમાં યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને આ જાહેરાત કરી. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આને દુશ્મનાવટભર્યું પગલું ગણાવી યુરોપ પર ઊંચા ટેરિફ લાદવાની અને વેપાર અટકાવી દેવાની ધમકી આપી છે. કેનેડાએ આંતરરાષ્ટ્રીય સંબંધો બાબતે કોઈની દખલગીરી ન સ્વીકારવાનું સ્પષ્ટ કર્યું છે.

અમેરિકા અને કેનેડા વચ્ચે ચાલી રહેલો રાજદ્વારી વિવાદ હવે વૈશ્વિક વળાંક લઈ રહ્યો છે. કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવાની જીદ અને બંને દેશો વચ્ચે વધતી કડવાશ વચ્ચે યુરોપિયન યુનિયને કેનેડાને પોતાનો પ્રથમ સહયોગી સભ્ય બનવાની ઓફર આપી છે. આ પગલાથી નારાજ થઈને અમેરિકી પ્રમુખે યુરોપ પર ભારે ટેરિફ લાદવાની અને વેપાર અટકાવી દેવાની ખુલ્લી ધમકી આપી છે.

યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન દ્વારા બુધવારે જાહેરાત કરવામાં આવી હતી કે કેનેડા ઈયુનું પ્રથમ એસોસિએટ સભ્ય બને. અમેરિકા સાથે વધી રહેલા આર્થિક અને વેપારી તણાવ વચ્ચે અર્થતંત્રોને મજબૂત કરવા માટે આ પહેલ કરવામાં આવી છે. ફ્રાન્સના સ્ટ્રાસબર્ગ ખાતે યોજાયેલા સ્ટેટ ઓફ ધ યુનિયન સંબોધન દરમિયાન કેનેડિયન વડાપ્રધાન પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ કોઈના પર પ્રભુત્વ મેળવવા નથી માંગતા પરંતુ પોતાની આત્મનિર્ભરતા મજબૂત કરી રહ્યા છે જેથી કોઈ તેમના બજારો પર નિયંત્રણ ન કરી શકે.

યુરોપિયન યુનિયનની આ જાહેરાત બાદ ડોનાલ્ડ ટ્રમ્પ રોષે ભરાયા છે. તેમણે આ પ્રસ્તાવને દુશ્મનાવટભર્યું પગલું ગણાવતા કહ્યું છે કે જો આ નિર્ણય ખોટી ભાવના સાથે લેવાયો હશે તો તેઓ યુરોપ પર ખૂબ જ ઊંચા ટેરિફ લાદશે. આ સાથે જ તેમણે ઘણી વસ્તુઓનો વેપાર સંપૂર્ણપણે અટકાવી દેવાની પણ ચેતવણી આપી છે. આ તરફ કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ ટ્રમ્પની દાદાગીરી સામે સ્પષ્ટ વલણ અપનાવ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે તમામ કેનેડિયન નાગરિકો આ બાબતે સંપૂર્ણપણે એકજૂથ છે. તેમણે ઉમેર્યું કે કોઈ પણ બહારની વ્યક્તિ તેમને કઈ ભાષા બોલવી, તેમની સંસ્કૃતિ કેવી રાખવી કે આંતરરાષ્ટ્રીય સ્તરે કોની સાથે સંબંધો અને કરારો કરવા તે બાબતે સૂચના કે આદેશ આપી શકે નહીં.

અડધી રાત્રે બળજબરીથી વાહન આંચકી લેવું એ મૂળભૂત અધિકારોનો ભંગ છે

નોટિસ વિના ટ્રક જપ્ત કરનાર કંપનીને રૂ. ૧૦ લાખનું વળતર ચૂકવવા આદેશ

# ફાઈનાન્સ કંપનીઓની ગેરકાયદે વાહન જપ્તી પર સુપ્રીમની રોક




નવી દિલ્હી, તા.૧૮

લોન ડિફોલ્ટના કિસ્સામાં ફાઈનાન્સ કંપનીઓ કે નોન-બેન્કિંગ ધિરાણ કંપનીઓ (NBFC) પૂર્વ નોટિસ આપ્યા વિના અને રિઝર્વ બેન્ક (RBI)ના નિયમોનું પાલન કર્યા વગર ગ્રાહકનું વાહન જપ્ત કરી શકે નહીં. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે વાહનની જપ્તી કે લોન વસૂલાતની પ્રક્રિયા માત્ર કાયદાકીય માર્ગે જ થવી જોઈએ.

જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને જસ્ટિસ આલોક અરાધેની બેન્ચે નોંધ્યું હતું કે, અડધી રાત્રે તાળું તોડીને મરજી મુજબ વાહન આંચકી લેવું એ ભારતીય બંધારણની કલમ ૧૪ (સમાનતાનો અધિકાર) અને કલમ ૨૧ (આજીવિકાનો અધિકાર)નો ખુલ્લેઆમ ભંગ છે. ફાઈનાન્સરને વાહન જપ્ત કરવાનો અધિકાર છે, પરંતુ તે છેતરપિંડી કે બળજબરીથી આ કાર્યવાહી કરી શકે નહીં.

અરજદારે વર્ષ ૨૦૧૯માં ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ ફંડ એન્ડ ફાઈનાન્સ કંપની લિ. પાસેથી પોતાની ટ્રક પર કોમર્શિયલ લોન લીધી હતી અને ત્યારબાદ જૂન ૨૦૨૧માં વધારાની લોન પણ લીધી હતી. લોનના હપ્તાની ચુકવણીમાં ચૂક થતાં કંપનીએ ૨૦૨૨માં એક વખત ટ્રક જપ્ત કરી હતી, જે આંશિક પેમેન્ટ થયા બાદ છોડી દેવાઈ હતી. ત્યારબાદ ફરી હપ્તા ચૂકવવામાં નિષ્ફળતા મળતાં, ૨૦૨૩માં કોઈ પણ પૂર્વ નોટિસ આપ્યા વિના રાત્રે ૧ વાગ્યે ચાર લોકોએ સ્ટિયરિંગનું લોક તોડીને ટ્રક ઉઠાવી લીધી હતી.

અગાઉ અલ્લાહાબાદ હાઈકોર્ટે અરજદારની અરજી એમ કહીને ફગાવી દીધી હતી કે ટ્રક પહેલેથી જ વેચાઈ ચૂકી છે, અરજી કરવામાં વિલંબ થયો છે અને લોનના હપ્તામાં પણ ડિફોલ્ટ થયો છે. જોકે, સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આ આદેશને રદ કર્યો હતો અને ગેરકાયદેસર કાર્યવાહી કરનાર ફાઈનાન્સ કંપનીને ફટકાર લગાવતા ટ્રક માલિકને રૂ. ૧૦ લાખનું વળતર ચૂકવવાનો ઐતિહાસિક આદેશ આપ્યો છે.

જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોટેગીની કોન્ફરન્સમાં

# ભારત-જાપાન રાજદ્વારી સંબંધો ઉજવશે

## ૨૦૨૭માં ૭૫ વર્ષ પૂર્ણ થશેઆર્થિક અને વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવવા પર જાપાનનો ભાર



નવી દિલ્હી, તા.૧૮

૨૦૨૭નું વર્ષ ભારત અને જાપાન માટે ખાસ બની રહેશે, કારણ કે બંને દેશો તેમના રાજદ્વારી સંબંધોના ૭૫ વર્ષ પૂર્ણ કરવાની ઉજવણી કરશે. તાજેતરમાં જાપાનમાં થયેલા કેબિનેટ ફેરબદલ બાદ, જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોટેગીએ પોતાની પ્રથમ પ્રેસ કોન્ફરન્સમાં ભારત સાથેના સંબંધોને વધુ સુદ્રઢ બનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે કાયદા આધારિત મુક્ત અને ખુલ્લી આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા પર ભાર મુકતા સંઘર્ષોના શાંતિપૂર્ણ ઉકેલ માટે નેતૃત્વ દર્શાવવાની જરૂરિયાત સમજાવી હતી.

આગામી ૨૦ સપ્ટેમ્બર બાદ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) ના માર્જિન પર જાપાનના વિદેશ મંત્રી ભારત સહિત અન્ય દેશોના વિદેશ મંત્રીઓ સાથે મહત્વપૂર્ણ બેઠકો યોજશે. નોંધનીય છે કે ૨૦૨૬માં જાપાન સંયુક્ત રાષ્ટ્રમાં જોડાયાને ૬૦ વર્ષ પણ પૂર્ણ થઈ રહ્યા છે, જે વૈશ્વિક સ્તરે થઈ રહેલા પરિવર્તનો અને પડકારોને પહોંચી વળવા માટે રાજદ્વારી નેતૃત્વની ભૂમિકાને વધુ મહત્વપૂર્ણ બનાવે છે.

મોટેગીએ જણાવ્યું કે ભારત અને જાપાન વચ્ચે 'ખાસ વ્યૂહાત્મક ભાગીદારી' છે અને ભારત જાપાન માટે એક એવો વિશ્વાસપાત્ર ભાગીદાર છે જે સમાન વ્યૂહાત્મક દિશા અને વિચારો શેર કરે છે. ૨૦૨૭માં બંને દેશો વચ્ચેના સંબંધોના ૭૫માં વર્ષને ધ્યાનમાં રાખીને, આ વર્ષને બંને દેશો માટે ભવિષ્યની અપાર સંભાવનાઓના વર્ષ તરીકે જોવામાં આવી રહ્યું છે. આ ભાગીદારી અંતર્ગત સાંસ્કૃતિક, કલા, રમતગમત, વિજ્ઞાન અને મ્યુનિસિપલ બોડીના પરસ્પર આદાનપ્રદાન સહિતના વિવિધ ક્ષેત્રોમાં ઘણી યોજનાઓ આગળ ધપાવવામાં આવી રહી છે.

બંને દેશોના સંબંધોમાં આર્થિક સુરક્ષા સહિત વિસ્તૃત સુરક્ષા ગેરંટીનો ખ્યાલ પણ મહત્વપૂર્ણ છે. એવો ભાર મૂકવામાં આવ્યો હતો કે આર્થિક રોકાણ અને ઈનોવેશન (નવીનતા) ના માધ્યમથી ભારત અને જાપાને વધુ મજબૂત અને પરસ્પર પૂરક સંબંધો બાંધવા જોઈએ. હવે જાપાન સરકાર અને વિદેશ મંત્રી મોટેગીના આ સકારાત્મક વલણને ભારત સરકાર કેવી રીતે પ્રતિસાદ આપે છે, તેના પર સૌની નજર રહેશે.

# જીવન-મૃત્યુનો સાથી ધર્મ : ભાગવત

## યુવા ધર્મ સંસદમાં ભાગવતનું નિવેદનઃ ગીતા અને રામાયણ માત્ર નિવૃત્તિ પછી વાંચવાના પુસ્તકો નથી



નવી દિલ્હી, તા.૧૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ( આરએસએસ ) ના વડા મોહન ભાગવતે શુક્રવારે કહ્યું કે ધર્મ વ્યક્તિના જીવનના શરૂઆતથી અંત સુધી રહે છે અને તે ફક્ત વૃદ્ધાવસ્થા માટે જ નથી. ઉજ્જૈનમાં યુવા ધર્મ સંસદ કાર્યક્રમમાં બોલતા ભાગવતે કહ્યું કે યુવાનો ધર્મ વિશે વિચારતા જોઈને તેમને આનંદ થયો .''જ્યારે મેં 'યુવા ધર્મ સંસદ' વિશે સાંભળ્યું, ત્યારે મને એ જાણીને આનંદ થયો કે યુવાનો ' ધર્મ ' વિશે વિચારી રહ્યા છે. આજકાલ, આપણે ભાગ્યે જ આવી વાતો સાંભળીએ છીએ. જ્યારે પણ ધર્મનો ઉલ્લેખ થાય છે, ત્યારે લોકો કહે છે કે તે વૃદ્ધાવસ્થા માટે એક વસ્તુ છે,'' RSS વડાએ કહ્યું.

ભાગવતે કહ્યું કે ગીતા અને રામાયણને ઘણીવાર નિવૃત્તિ પછી વાંચવા યોગ્ય પુસ્તકો માનવામાં આવે છે, પરંતુ ધર્મ જીવનભર રહે છે. ''ગીતા અને રામાયણને નિવૃત્તિ પછી વાંચવા માટે પુસ્તકો માનવામાં આવે છે, પરંતુ તે બિલકુલ સાચું નથી. ધર્મ જીવનની શરૂઆતથી અંત સુધી રહે છે, અને બધું તેના અનુસાર ચાલે છે. તમે તેમાં માનો કે ન માનો, કેટલીક વસ્તુઓ નિયમો દ્વારા ચાલે છે... જ્યારે કોઈ વ્યક્તિ અહંકારથી કાર્ય કરે છે અને વિચારે છે કે બધું તેના નિયંત્રણમાં છે અને તેની ઈચ્છા મુજબ થવું જોઈએ, ત્યારે તે ભ્રમમાં પડી જાય છે કે વસ્તુઓ તેની ઈચ્છા મુજબ થશે. પરંતુ વાસ્તવમાં, એવું નથી,'' તેમણે આગળ કહ્યું.

ભાગવતે એમ પણ કહ્યું કે ધર્મને સમજવા માટે લોકોએ પોતાના મનમાં પહેલાથી જ સ્થિર થયેલા વિચારોથી મુક્ત થવાની જરૂર છે.તેમણે કહ્યું કે અહંકારથી કામ લેવાથી અને એવું માનવાથી કે બધું જ વ્યક્તિના નિયંત્રણમાં છે, એવી ભ્રમણા થઈ શકે છે કે બધું જ વ્યક્તિની ઈચ્છા મુજબ થશે.

''હું તમને એમ નથી કહેતો કે તમારા મન ખાલી કરો જેથી હું તેમને મારા પોતાના વિચારોથી ભરી શકું. આ જ્ઞાન મારું નથી. પરંતુ હું એમ કહી રહ્યો છું કે જો આપણે ધર્મને સમજવા માંગતા હોઈએ , તો પહેલા આપણે આપણા મનમાં પહેલાથી જ સ્થિર થયેલા ચોક્કસ વિચારોથી પોતાને મુક્ત કરવાની જરૂર છે. મેં પહેલા એક મુદ્દો ઉલ્લેખ કર્યો હતોઃ ધર્મ વૃદ્ધાવસ્થા માટે બનાવાયેલ વસ્તુ નથી. ધર્મ સૃષ્ટિની શરૂઆતથી અસ્તિત્વમાં છે અને સૃષ્ટિના અંત સુધી ચાલુ રહેશે. બધું તેના અનુસાર કાર્ય કરે છે. મારા માટે, મારો ધર્મ મારા જન્મથી નક્કી થાય છે અને મારા મૃત્યુ સુધી ચાલુ રહે છે, કારણ કે ધર્મ બધા સુખનું કારણ છે,'' તેમણે કહ્યું.

રશિયન ક્રૂડ ઓઈલની ખરીદીના મુદ્દે USની ધમકીથી

# અમેરિકામાં મોંઘવારી ભડકવાની આશંકા

## નિકાસકારોમાં ફફડાટ : યુક્રેન યુદ્ધના બહાને અમેરિકન સંસદમાં પસાર થયેલું બિલ ભારત-ચીન માટે ખતરા સમાન

નવી દિલ્હી, તા.૧૮

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા લાંબા યુદ્ધ વચ્ચે વૈશ્વિક રાજનીતિ અને અર્થતંત્રમાં એક મોટો વળાંક આવ્યો છે. અમેરિકન સંસદમાં તાજેતરમાં એક એવું વિવાદાસ્પદ બિલ પસાર કરવામાં આવ્યું છે, જે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને ગેસ ખરીદનારા દેશો પર આકરા ટેરિફ (આયાત જકાત) લાદવાની સત્તા આપે છે. આ બિલનો સીધો અને સૌથી મોટો નિશાન ભારત અને ચીન જેવા વિકાસશીલ દેશો છે, જેઓ પોતાની વિશાળ ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે રશિયા પાસેથી સસ્તા દરે ક્રૂડ ઓઈલની આયાત કરી રહ્યા છે. અમેરિકાના આ આક્રમક પગલાના કારણે ભારતમાંથી અમેરિકામાં થતી નિકાસ પર ભયંકર અનિશ્ચિતતાના વાદળો ઘેરાયા છે. જો અમેરિકન સરકાર આ બિલ હેઠળ ભારત પર ૧૦૦ ટકા જેટલો ઊંચો ટેરિફ લાદવાનો નિર્ણય લે છે, તો બંને દેશો વચ્ચેના વેપારી સંબંધોમાં મોટો ભૂકંપ આવી શકે છે અને ભારતમાંથી થતી નિકાસ લગભગ ઠપ્પ થઈ શકે તેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે.

ભારતીય નિકાસકારો અને વેપારી જગત માટે આ સમાચાર એક લટકતી તલવાર સમાન છે. આંકડાકીય દૃષ્ટિએ જોઈએ તો, અમેરિકા એ ભારતનો સૌથી મોટો નિકાસકાર દેશ છે અને ભારત માટે તે એક અત્યંત મહત્વપૂર્ણ બજાર છે. દર વર્ષે ભારતમાંથી અંદાજિત ૮૮ અબજ ડોલરનો વિવિધ માલ-સામાન અમેરિકામાં નિકાસ થાય છે, જેમાં ટેક્સટાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી અને આઈટી સેવાઓનો મોટો હિસ્સો છે. નિકાસકારોનું સ્પષ્ટપણે માનવું છે કે જો અમેરિકા ભારતીય ઉત્પાદનો પર ૧૦૦ ટકા ટેરિફ લાગુ કરશે, તો અમેરિકન બજારમાં ભારતીય માલ એટલો મોંઘો થઈ જશે કે તે અન્ય દેશોના ઉત્પાદનો સામે સ્પર્ધા જ નહીં કરી શકે. આટલા ઊંચા ટેરિફ પછી અમેરિકામાં નિકાસ કરવી વેપારીઓ માટે આર્થિક રીતે તદ્દન અવ્યવહારુ અને નુકસાનકારક સાબિત થશે, જેના પરિણામે ભારતના હજારો ઉદ્યોગો અને લાખો રોજગારી પર સીધી નકારાત્મક અસર પડી શકે છે.

જોકે, આર્થિક નિષ્ણાતો અને વિશ્લેષકો આ સિક્કાની બીજી બાજુ તરફ પણ ધ્યાન દોરી રહ્યા છે. ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (ફિયો-FIEO)ના મહાનિર્દેશક અને સીઈઓ અજય સહાયના જણાવ્યા અનુસાર, ભારત પર ટેરિફ લાદવાનો નિર્ણય અમેરિકા માટે 'પોતાના જ પગ પર કુહાડી મારવા' સમાન સાબિત થઈ શકે છે. જો અમેરિકા ભારત પર ૧૦૦ ટકા ટેરિફ લાદશે, તો તેનો સીધો બોજ અમેરિકન ગ્રાહકોના ખિસ્સા પર પડશે. અમેરિકામાં હાલમાં પણ ફુગાવો અને મોંઘવારી ચિંતાનો વિષય છે. સસ્તા અને ગુણવત્તાયુક્ત ભારતીય સામાનની આયાત બંધ થવાથી અથવા તેના ભાવ બમણા થઈ જવાથી અમેરિકાના સ્થાનિક બજારમાં ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચશે અને મોંઘવારીમાં જબરદસ્ત ઉછાળો આવશે. આથી, ભારતને નુકસાન પહોંચાડવાની લ્હાયમાં અમેરિકાએ પોતાની ઘરેલું આર્થિક સ્થિતિને વધુ ડામાડોળ થવાનું જોખમ ઉઠાવવું પડશે.

આ સમગ્ર પ્રકરણમાં સૌથી વધુ ચોંકાવનારી બાબત અમેરિકાની દ્વિમુખી નીતિ અને હિતોનો વિરોધાભાસ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકા એક તરફ રશિયા સાથે વેપાર કરવા બદલ ભારત સહિતના દેશો પર પ્રતિબંધો અને ટેરિફ નાંખવાની ધમકીઓ આપી રહ્યું છે, પરંતુ બીજી તરફ તે પોતે જ રશિયા પાસેથી મોટા પાયે માલ-સામાનની આયાત કરી રહ્યું છે.



### કાર રિપેરિંગના ખર્ચ બાબતે પૂર્વ પતિનો આતંક

# પત્ની, સાળા અને મિત્રને મારી નાખવાની ધમકી

**અકસ્માતગ્રસ્ત કારના રિપેરિંગના પૈસાની માંગણી કરી રામનાથપરામાં રહેતા પૂર્વ પતિએ કોઠારીયા રોડ પર રહેતી પત્નીને ગાળો ભાંડી હત્યાની ચીમકી આપતાં આજીડેમ પોલીસ મથકમાં ગુનો દાખલ**

રાજકોટ, તા.૧૮

રાજકોટ શહેરમાં છૂટાછેડા લઈ ચૂકેલા પૂર્વ પતિ દ્વારા પોતાની પૂર્વ પત્ની, તેના ભાઈ અને મિત્રને ફોન પર બિભત્સ ગાળો ભાંડીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો ગંભીર બનાવ પ્રકાશમાં આવ્યો છે, જે અંગે આજીડેમ પોલીસ મથકમાં સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસ ફરિયાદમાં જણાવેલી વિગતો અનુસાર, કોઠારીયા ગામથી ખોખડદડ ગામ તરફ જવાના રસ્તે આવેલી મારુતિ રેસીડેન્સી (સેલીબ્રેશન પાર્ટી પ્લોટ પાસે) ખાતે રહેતા ૩૨ વર્ષીય સપનાબેન ચાવડાએ પોતાના પૂર્વ પતિ વિકીભાઈ અશોકભાઈ ચાવડા (રહે. રામનાથપરા મેઈન રોડ, રામાપીરના મંદિર પાસે, રાજકોટ) વિરુદ્ધ આ ફરિયાદ નોંધાવી છે.



સપનાબેને વિકીભાઈ સાથે આશરે દોઢેક વર્ષ પહેલાં છૂટાછેડા લીધેલા છે અને હાલ તેઓ ઈમરાન ઉર્ફે પપ્પુ નામના વ્યક્તિ સાથે પ્રેમસંબંધ ધરાવતા હોય તેની સાથે મૈત્રી કરાર કરીને રહે છે. ગત તા. ૦૬/૦૯/૨૦૨૬ના રોજ વિકીભાઈની કારનો અકસ્માત થયો હતો, જે અંગે વિકીભાઈએ સપનાબેનના ભાઈ મિલન અને મિત્ર ઈમરાન વિરુદ્ધ આજીડેમ પોલીસ મથકમાં અગાઉ તા. ૧૪/૦૯/૨૦૨૬ના રોજ ફરિયાદ પણ નોંધાવી હતી. આ કાર અકસ્માતના ખર્ચ બાબતે ગત તા. ૦૭/૦૯/૨૦૨૬ના રોજ સાંજે પાંચેક વાગ્યે વિકીભાઈએ સપનાબેનના મોબાઈલ પર ફોન કર્યો હતો અને ભાઈ મિલન તથા મિત્ર ઈમરાને ગાડીને નુકસાન કર્યું હોવાનો આક્ષેપ કરી ગાડી રિપેર કરવા માટે પૈસાની માંગણી કરી હતી.

સપનાબેને આ બાબતે પોતાની સાથે વાત કરવાની ના પાડતા વિકીભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ફોન પર જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યા હતા. ઉશ્કેરાટમાં આવીને તેમણે એવી સીધી ધમકી આપી હતી કે ''મિલન અને ઈમરાનને સમજાવી દેજે કે મારા ગાડી રિપેરિંગ કરવાના પૈસા આપી દે, બાકી તમને ત્રણેયને જાનથી મારી નાખીશ''. આ ધમકી અને ગાળાગાળી બાદ સપનાબેને તુરંત ફોન કાપી નાખ્યો હતો અને પોતાના ભાઈ મિલન તથા મિત્ર ઈમરાન સાથે આ મામલે સઘન ચર્ચા-વિચારણા કરી હતી. આખરે બનાવના થોડા દિવસો બાદ તા. ૧૮/૦૯/૨૦૨૬ના રોજ બપોરે સપનાબેને આજીડેમ પોલીસ સ્ટેશનમાં રૂબરૂ જઈને પૂર્વ પતિ વિકીભાઈ ચાવડા વિરુદ્ધ ગુનો દાખલ કરાવ્યો છે. આ ગુનાની આગળની તપાસ આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ભરત જોગીયા ચલાવી રહ્યા છે.

# હલેન્ડામાં જમીનના સોદામાં ભાગીદારે જ કરી ૬૨ લાખની ઠગાઈ

**ગોંડલના ઘેલા બાંભવા સામે આજીડેમ પોલીસના ચોપડે વિપુલ રૂપાપરીયાની ફરિયાદ પરથી ગુનો**

રાજકોટ, તા.૧૮

ધોરાજીના હીરપરા વાડી વિસ્તારમાં રહેતા અને પ્લાસ્ટિક પાઈપનું કારખાનું ધરાવતા વિપુલભાઈ ગોરધનભાઈ રૂપાપરીયા (ઉં.વ. ૪૯) નામના વેપારી સાથે જમીન ભાગીદારીના સોદામાં ૬૨,૦૦૦,૦૦ની મોટી ઠગાઈ અને વિશ્વાસઘાત થયાની સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે. ગોંડલના રામેશ્વર કૃષ્ણ નગર ખાતે રહેતા ઘેલાભાઈ સવાભાઈ ભાંભવા નામના શખ્સે આ કાવતરું રચી ભાગીદાર સાથે છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે.

ચાર વર્ષ પહેલાં પરિચયમાં આવેલા ઘેલાભાઈ અને વિપુલભાઈએ વર્ષ ૨૦૨૩માં રાજકોટ તાલુકાના હલેન્ડા ગામની સીમમાં સર્વે નંબર ૧૫૪ પૈકી ૬૫ વાળી ૧૨ એકર જમીન ૫૦-૫૦ ટકાની ભાગીદારીમાં ખરીદી હતી. ત્યારબાદ ડિસેમ્બર ૨૦૨૫માં આ જમીનમાંથી ૮ એકર જમીન અન્ય પાર્ટીને એકરના ૩૧



લાખ લેખે વેચવાનું નક્કી થયું હતું. તે સમયે ઘેલાભાઈએ પોતાની ચાલબાજી વાપરીને બાકી રહેતી ૪ એકર જમીનમાંથી વિપુલભાઈના ભાગની ૨ એકર જમીન પોતે સંભાળી લેવાની વાત કરી હતી અને તેના પેટે ૬૨ લાખ આપવાની ખાતરી આપી હતી.

ગત તા. ૨૩/૧૨/૨૦૨૩ ના રોજ રાજકોટ જૂની કલેક્ટર કચેરી ખાતે સબ રજિસ્ટ્રાર સમક્ષ ૮ એકર જમીનનો દસ્તાવેજ અન્ય પાર્ટીના નામે કરવામાં આવ્યો હતો. એ જ દિવસે ઘેલાભાઈએ વિપુલભાઈના હિસ્સાની ૨ એકર જમીનનો દસ્તાવેજ પણ પોતાના નામે કરાવી લીધો હતો. દસ્તાવેજમાં જંત્રી મુજબના ૧૩,૦૦,૦૦૦ નો ચેક આપવાનું દર્શાવવામાં આવ્યું હતું અને ઉપરના ૪૯,૦૦,૦૦૦ ઓફિસે જઈને રોકડા આપી દેવાનું વચન આપવામાં આવ્યું હતું.

દસ્તાવેજ થઈ ગયા બાદ જ્યારે વિપુલભાઈએ પોતાના નાણાં માગ્યા, ત્યારે આરોપી ઘેલાભાઈ અવારનવાર દવાનો ખર્ચ, ચેક ગોંડલ ઘરે હોવાના કે રાજકોટ રોકાયા હોવાના ખોટા બહાના બતાવી સમય પસાર કરતો હતો. સમય જતાં તેણે ૪૯ લાખમાંથી ૧૩ લાખનો ચેક આપ્યો હતો જે બેંકમાં જમા થઈ ગયો હતો, પરંતુ દસ્તાવેજમાં દર્શાવેલ ૧૩ લાખનો મુખ્ય ચેક કે બાકીના ૪૯ લાખ રોકડા ક્યારેય આપ્યા નહોતા.

બાદમાં વિપુલભાઈને માલૂમ પડ્યું હતું કે ઘેલાભાઈએ આ જમીન અગાઉથી જ અન્ય લોકોને વેચી મારી તેના નાણાં પણ મેળવી લીધા હતા. પોતાની સાથે પૂર્વઆયોજિત કાવતરું રચી રૂ. ૬૨ લાખની છેતરપિંડી થઈ હોવાનું જણાતાં વિપુલભાઈએ સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરવા સાથે આજીડેમ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે કાયદેસરની તપાસ શરૂ કરી છે.

# ખુલ્લા વંડામાંથી ૪.૩૦ લાખનો સોલાર પેનલ કેબલ ચોરાયો

**'આદિત્ય પાવર કોર્પોરેશન'ના ગોડાઉનમાંથી ૧૦ હજાર મીટર ઉઈ કેબલ વાયરની અજાણ્યા શખ્સો દ્વારા ઉઠાંતરી**



રાજકોટ, તા.૧૮

રાજકોટ શહેરના કુવાડવા રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લાખો રૂપિયાની કિંમતના સોલાર પેનલ વાયરની ચોરીનો મામલો સામે આવ્યો છે. રાજકોટ-અમદાવાદ હાઈવે પર ત્રિમંદિર સામે આવેલી 'આદિત્ય પાવર કોર્પોરેશન' કંપનીના ખુલ્લા ગોડાઉનમાંથી ૧૦ ડ્રમ જેટલો ઉઈ કેબલ વાયર ચોરાઈ જતા કંપનીના મેનેજરે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ન્યૂ જાગનાથ વિસ્તારમાં ગોકુલ એપાર્ટમેન્ટમાં રહેતા અને 'આદિત્ય પાવર કોર્પોરેશન'માં છેલ્લા ચાર વર્ષથી મેનેજર તરીકે નોકરી કરતા ૨૭ વર્ષીય નીમીતભાઈ શિવલાલભાઈ ધનેશાએ અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, કંપની સોલાર પ્રોજેક્ટનું કામ કરે છે અને તેનો સામાન રાજકોટ-અમદાવાદ હાઈવે પર ત્રિમંદિર સામે, શુભમ લોજિસ્ટિકની બાજુમાં, માલિયાસણ ગામથી આગળ આવેલા ખુલ્લા વંડામાં (ગોડાઉનમાં) રાખવામાં આવે છે. તારીખ ૧૨/૦૯/૨૦૨૬ ના રોજ આ ગોડાઉનમાં જીઈઓઈઈઓખ કંપનીના સોલાર પેનલ માટે ઉપયોગમાં આવતા ડી.સી. કેબલ વાયરના ૧૮ ડ્રમ (બંડલ) મૂકવામાં આવ્યા હતા.

તારીખ ૧૭/૦૯/૨૦૨૬ ના રોજ બપોરના ચારેક વાગ્યે કંપનીના કર્મચારી સ્મિતભાઈ સોટાઈ આ ગોડાઉને ગયા ત્યારે તેમણે જોયું કે માત્ર ૮ ડ્રમ જ હાજર હતા, જ્યારે બાકીના ૧૦ ડ્રમ ગાયબ હતા અને ત્યાં માત્ર અમુક ખાલી ખોખા જ પડ્યા હતા. સ્મિતભાઈએ તરત જ મેનેજર નીમીતભાઈને જાણ કરી હતી. એક ડ્રમમાં એક હજાર મીટર વાયર હોય છે, એટલે કે કુલ ૧૦ હજાર મીટર ડી.સી. કેબલ વાયરની ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યું હતું.

કંપની દ્વારા પોતાની રીતે તપાસ કરવા છતાં વાયરનો કોઈ પત્તો ન લાગતા, અંતે મેનેજર નીમીતભાઈ ધનેશાએ કુવાડવા રોડ પોલીસ મથકમાં અજાણ્યા શખ્સો સામે આશરે રૂ. ૪,૩૦,૦૦૦ ની કિંમતના વાયરની ચોરીની ફરિયાદ નોંધાવી હતી. એ એસઆઈ મયુરભાઈએ બધું તપાસ આદરી છે.

# પત્નીએ પગ દબાવવાની ના પાડતા ઉશ્કેરાયેલા પતિએ માર્યો ઢોર માર

**શારીરિક-માનસિક ત્રાસ આપનાર પતિ વિરુદ્ધ આજીડેમ પોલીસમાં ફરિયાદ**

રાજકોટ, તા.૧૮

રાજકોટ શહેરના કોઠારીયા ગામ વિસ્તારમાં પતિ દ્વારા પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપવાનો બનાવ આજીડેમ પોલીસમાં નોંધાયો છે. જીવનકિરણ સોસાયટીમાં રહેતા ભાવનાબેન કેશવભાઈ પરમાર (ઉ.વ. ૪૩) એ પોતાના જ પતિ કેશવ પરમાર વિરુદ્ધ આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત તા. ૦૩/૦૯/૨૦૨૬ના રોજ રાત્રે આશરે બે વાગ્યે તેમનો પતિ કેશવ પરમાર બહારથી ઘરે આવ્યો હતો અને ભાવનાબેનને જગાડીને જમવાનું



બનાવવા કહ્યું હતું. ભાવનાબેને રસોઈ બનાવી આપ્યા બાદ પતિએ જમી લીધું હતું અને ત્યારબાદ 'ચાલ મારા પગ દબાવી દે' તેમ કહ્યું હતું. રાત્રિનો સમય હોવાથી ભાવનાબેને ઊંઘ આવતી હોવાનું કહી પગ દબાવવાની ના પાડતા પતિ કેશવ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો.

ઉશ્કેરાયેલા પતિએ ગાળો બોલી, ઢીકાપાટુ માર્યા હતા. અને વાળ ખેંચીને તેમને સોફા પરથી નીચે પછાડી દીધા હતા. પતિ તેમની ઉપર બેસી ગયો હતો અને ગાલે બે ફડાકા પણ મારી દીધા હતા. ત્યારબાદ તેમને ઢસડીને અડધી રાત્રે જ ઘરની બહાર કાઢી મૂક્યા હતા અને અંદરથી દરવાજો લોક કરી દીધો હતો. ડરના માર્યા ભાવનાબેન ત્રણ દિવસ સુધી ઉપરના માળે રહેતા ભાડુઆતના ઘરે અને ત્યારબાદ પોતાના ભાઈના ઘરે રોકાયા હતા.

તા. ૧૮ રોજ પતિ કેશવએ તેમને એક વોટ્સએપ વિડીયો મોકલ્યો હતો, જેમાં તે બોલતો હતો કે ''હું આત્મહત્યા કરવા જાઉં છું અને તેના જવાબદાર મારી પત્ની તથા મારો દીકરો થશે''. છેલ્લા બે વર્ષથી સતત અપાતા આવા શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને આખરે ભાવનાબેને આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા જેના આધારે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# વેસ્ટ ઝોન શૂટિંગ ચેમ્પિયનશિપમાં કલ્પનીત રાઠોડે મેળવ્યો બ્રોન્ઝ મેડલ

**૧૩મી વેસ્ટ ઝોન શૂટિંગ ચેમ્પિયનશિપમાં બતાવી કૂનેહ**

રાજકોટ, તા.૧૮

અમદાવાદ ખાતે તા. ૭થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલી ૧૩મી વેસ્ટ ઝોન શૂટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૬માં રાજકોટના યુવા શૂટર કલ્પનીત રાઠોડે ૧૦ મીટર એર પિસ્તોલના સબ-યુથ મેન્સ વર્ગમાં ૩૬૭નો સ્કોર મેળવી બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો.

કલ્પનીતના આ શાનદાર પ્રદર્શનની સાથે તેણે સબ-યુથ,યૂથ, જુનિયર અને સિનિયર એમ બધી જ કેટેગરીમાં નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૬ માટે પણ ક્વોલિફાય કર્યું છે. પિસ્તોલ ઈવેન્ટમાં તેની આ સિદ્ધિ બદલ પિતા કલ્પેશ રાઠોડ, માતા નિતાબેન, કોચ વંદિત પુરોહિત, કણસાગરા શાળા પરિવાર અને રમતગમત ક્ષેત્રે જોડાયેલા આગેવાનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ચેમ્પિયનશિપનું આયોજન નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે સ્પર્ધાનું સંચાલન ગુજરાત સ્ટેટ રાઈફલ એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું હતું. દેશના વિવિધ રાજ્યો જેમાં ગુજરાત સિવાય, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગોવા, દિવ,દમણ અને દાદરા નગર હવેલી તેમજ સર્વિસીસમાંથી આવેલા ખેલાડીઓ વચ્ચે યોજાયેલી સ્પર્ધામાં કલ્પનીતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો.

તેમની સફળતા તેની સતત મહેનત, નિયમિત તાલીમ, અડગ એકાગ્રતા, પ્રમાણિકતા



અને રમત પ્રત્યેના સમર્પણનું પરિણામ હોવાનું તેમનું કહેવું છે. હવે તે આગામી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપમાં વધુ સારા પ્રદર્શન માટે કોચ વંદિત પુરોહિતના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવી રહ્યો છે. કોચના કહેવા મુજબ હાલમાં યોજાયેલી પ્રિ-નેશનલ કોમ્પિટિશનમા શાળાના અન્ય વિદ્યાર્થીઓએ પણ નોંધપાત્ર કૌશલ્ય બતાવતા ડિસેમ્બર મહિનામાં યોજાનારી નેશનલ શુટીંગ ચેમ્પિયનશીપ માટે ક્વોલિફાય કર્યું છે.

પ્રિશા શાહે ૧૦ મીટર એર રાઈફલમાં ૩૮૫નો સ્કોર મેળવી યુથ વિમેન્સ તેમજ જુનિયર અને સિનિયર વિમેન્સ વર્ગમાં, નોશી શાહે ૧૦ મીટર એર રાઈફલ સબ-યુથ વિમેન્સ વર્ગમાં ૩૬૬નો સ્કોર નોંધાવી નેશનલ ચેમ્પિયનશિપ માટે સ્થાન મેળવ્યું છે. જ્યારે અંશ જીવાણીએ ૧૦ મીટર એર પિસ્તોલ સબ-યુથ મેન્સ વર્ગમાં ૩૪૯નો સ્કોર મેળવી ક્વોલિફિકેશન હાંસલ કર્યું છે.

**રાજકોટમાં સોનાના દાગીના પોલિશ કરવા આપનાર હાથીખાના વેપારી છેતરાયા**

# બંગાળી ૬૮.૭૯ લાખનું સોનુ લઈ રફૂચક્કર

**પોલિશિંગના બહાને ૪૬૭.૩૯૦ ગ્રામ સોનું મેળવી પશ્ચિમ બંગાળ વતન ભાગી છૂટેલા 'અલી ગોલ્ડ' દુકાનના માલિક સામે એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો**

રાજકોટ, તા.૧૮

સૌરાષ્ટ્રના મુખ્ય વેપારી મથક એવા રાજકોટ શહેરના પ્રખ્યાત સોની બજાર વિસ્તારમાંથી વિશ્વાસઘાત અને કરોડોની ઠગાઈનો વધુ એક સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના સાધુ વાસવાણી રોડ પર આવેલા પાટીદાર ચોક પાસેના પામ સીટી એપાર્ટમેન્ટના વિંગ-સી, ફ્લેટ નં. ૬૦૨માં રહેતા અને હાથીખાના મેઈન રોડ પર આવેલ ગોલ્ડ બિલ્ડીંગના ચોથા માળે, દુકાન નંબર ૪૦૭ માં ''મોમાઈ ગોલ્ડ'' નામથી સોની કામનો વેપાર કરતા બિમલભાઈ ભાવેશભાઈ ચલ્લા (ઉં.વ. ૩૦) નામના વેપારી સાથે રૂપિયા ૬૮,૭૯,૯૮૦ની કિંમતના સોનાની ચોરી અને વિશ્વાસઘાત થયો હોવાની સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી બિમલભાઈ ચલ્લાના જણાવ્યા અનુસાર, તેઓ સોનાના દાગીના બનાવવાની સાથે-સાથે દાગીના પોલિશ કરાવવાનું કામ પણ કરાવતા હોય છે. રાજકોટ સોની બજારમાં આવેલી સવજીભાઈની શેરીના જે.પી. ટાવરના ત્રીજા માળે ''અલી ગો'' નામની દુકાન ચલાવતા અને મહાકાળી નિવાસ, જુમ્મા મસ્જિદ ચોક પાસે રહેતા એસ.કે. ઓસ્માન અલી મુથુર અલી શેખ સાથે તેઓ છેલ્લા સાત-આઠ વર્ષથી ધંધાકીય રીતે જોડાયેલા હતા.



ઓસ્માન અલી તેમની દુકાનેથી સોનાના દાગીના પોલિશ કરવા લઈ જતો અને કામના બદલામાં દર ૧૦૦ ગ્રામ દાગીના પર ૫૦ મજૂરી મેળવતો હતો. લાંબા સમયના આ વ્યવસાયિક સંબંધોને કારણે બિમલભાઈને ઓસ્માન અલી પર પૂરેપૂરો વિશ્વાસ બેસી ગયો હતો.

આ વિશ્વાસના આધારે જ માર્ચ ૨૦૨૫ દરમિયાન બિમલભાઈએ ઓસ્માન અલીને તબક્કાવાર સોનાની બાલીઓ પોલિશ કામ અર્થે આપી હતી. જેમાં ૦૬ માર્ચ ૨૦૨૫ ના રોજ ૧૬૪.૫૮૦ ગ્રામ, ૧૧ માર્ચ ૨૦૨૫ ના રોજ ૧૬૦.૨૫૦ ગ્રામ અને ૧૮ માર્ચ ૨૦૨૫ ના રોજ ૧૪૨.૫૬૦ ગ્રામ સોનાની બાલીઓનો સમાવેશ થાય છે. આમ, કુલ મળીને ૪૬૭.૩૯૦ ગ્રામ (૨૨ કેરેટ) સોનું પોલિશ કરવા માટે સોંપવામાં આવ્યું હતું, જેની વર્તમાન બજાર કિંમત આશરે ૬૮,૭૯,૯૮૦ (અડસઠ લાખ ઓગણએંસી હજાર નવસો એંસી રૂપિયા) થાય છે.

પોલિશનું કામ પૂરું થયા બાદ જ્યારે વેપારી બિમલભાઈએ પોતાનું સોનું પરત માગવાનું શરૂ કર્યું, ત્યારે ઓસ્માન અલી અવારનવાર ખોટા બહાના બતાવી સમય વીતાવતો હતો. આશરે બે મહિના પહેલા તેણે બિમલભાઈને એવું કહીને વિશ્વાસમાં લીધા હતા કે, ''હું મારા વતન કલકત્તા જઈ રહ્યો છું અને ત્યાંથી પરત આવ્યા બાદ તમારું તમામ સોનું સુરક્ષિત રીતે પરત આપી દઈશ''. પરંતુ વતન ગયા બાદ ઓસ્માન અલી પરત આવ્યો જ નહોતો અને તેનો સંપર્ક પણ થઈ શક્યો નહોતો.

તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે આરોપી એસ.કે. ઓસ્માન અલી (મૂળ રહે. ઘોશપુકૂર, સોમરા, હુગલી, પશ્ચિમ બંગાળ) વેપારીનું રૂ. ૬૮.૭૯ લાખથી વધુની કિંમતનું સોનું પરત ન આપી, વિશ્વાસઘાત કરી પોતાના વતન નાસી છૂટ્યો છે. આ અંગે બિમલભાઈએ રાજકોટ શહેરના 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપી કારીગરની ભાળ મેળવવા આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### વગદારને અભયદાન આપતું તંત્ર..!

# ગરીબો પર બુલડોઝર, બાહુબલીઓ સમક્ષ તંત્ર લાચાર?

## રૈયામાં ૧૦૨૮ ચો.મી. જમીન 'શ્રીસરકાર' થઈ છતાં ૧૩૦ ગેરકાયદે દબાણો યથાવતઃ કલેક્ટર અને મનપાના મૌન પાછળ કોનો હાથ?



રાજકોટ, તા.૧૮

રાજકોટના રૈયાના રેવન્યુ સરવે નંબર ૩૧૮ પૈકીની કરોડો રૂપિયાની સરકારી જમીન પર કલેક્ટર તંત્ર અને રાજકોટ મહાનગરપાલિકાની મિલિભગત હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે જેની પાછળનું મુખ્ય કારણ એ છે કે અહીં રહેણાંક હેતુની જમીનમાં અંદાજે ૧૩૦ જેટલા ગેરકાયદે કોમર્શિયલ શોરૂમ અને દુકાનો ખડકાઈ ગયા હોવા છતાં, વગદારો અને દબાણકારોને બચાવવા માટે તંત્ર માત્ર કાગળિયા પરની માહિતી મેળવવાની રમત રમીને સમય પસાર કરી રહ્યું છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા ગત તા. ૧૭-૮-૨૦૨૬ના રોજ સરવે નંબર ૩૧૮ પૈકીની ૧૦૨૮ ચો.મી. બિનઉપયોગી જમીન ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ પાસેથી પરત લઈ 'શ્રીસરકાર' દાખલ કરવાનો હુકમ કરાયો હતો અને મામલતદાર (પશ્ચિમ)ને તેનો કબજો સંભાળવા જણાવાયું હતું. આ જમીન હોસ્પિટલના હેતુ માટે ફાળવવાની ગતિવિધિ ચાલી રહી છે, પરંતુ મુખ્ય પ્રશ્ન એ છે કે આ જ સરવે નંબરમાં ખડકાયેલા ૧૩૦ જેટલા ગેરકાયદે કોમર્શિયલ બાંધકામો સામે કલેક્ટર કે મનપા તંત્ર બુલડોઝર ફેરવવાની હિંમત કેમ દાખવતું નથી? સામાન્ય માણસની એક નાની લારી કે ઓટલો ક્ષણવારમાં તોડી પાડતું તંત્ર, ભાજપના નેતાઓના આશીર્વાદ ધરાવતા ૧૩૦ શોરૂમ-દુકાનોના માલિકો સામે શા માટે નતમસ્તક થઈ ગયું છે તેવો સવાલ ઉઠ્યો છે.

રાજકોટ કલેક્ટરના તા. ૦૭/૦૯/૧૯૭૮ના હુકમથી રૈયા સરવે નં. ૩૧૮ પૈકીની ૧૦ એકર જમીન ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડને ઓછી આવક જૂથના મકાનો બનાવવા ફાળવવામાં આવી હતી. બોર્ડ દ્વારા ત્યાં 'શિવ શક્તિ હાઉસિંગ સોસાયટી'ના કુલ ૨૦૪ મકાનો બનાવવામાં આવ્યા હતા, જેમાં પ્રત્યેક આવાસનો પ્લીન્થ એરિયા ૨૪.૯૭ ચો.મી. અને પ્લોટ એરિયા ૮૦.૮૪ ચો.મી. હતો. આ જમીન પર થયેલા દબાણો અંગે અગાઉ અધિક કલેક્ટર દ્વારા તા. ૦૪-૦૬-૨૦૨૬ના રોજ પત્ર લખી ખુલાસો મગાતાં, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના નાયબ કાર્યપાલક ઈજનેરે તા. ૨૩-૦૬-૨૦૨૬ના રોજ લેખિતમાં સ્પષ્ટપણે જણાવી દીધું હતું કે, બોર્ડ દ્વારા ફક્ત ૨૪.૯૭ ચો. મી.નું મૂળ બાંધકામ જ કરાયું છે અને સ્થળ પર થયેલું વધારાનું કોઈ બાંધકામ બોર્ડે કર્યું નથી કે તેને કોઈ મંજૂરી પણ આપી નથી. ત્રાહિત વ્યક્તિઓ દ્વારા જાહેર રસ્તા અને સાર્વજનિક જગ્યાઓ પર દબાણ થયું છે, અને બોર્ડની તા. ૧૧-૦૮-૨૦૨૫ની બેઠકના ઠરાવ મુજબ આંતરિક રસ્તાઓ અને સાર્વજનિક જગ્યાઓ સ્થાનિક મહાનગરપાલિકાને તબ્દીલ કરવાની થતી હોવાથી આ દબાણો દૂર કરવાની કાનૂની કાર્યવાહી મનપાએ જ કરવાની થાય છે.

આમ, ગૃહ નિર્માણ બોર્ડે ૨૩ જૂને જ સ્પષ્ટ કહી દીધું હોવા છતાં, નિવાસી અધિક કલેક્ટરે તા. ૨૦-૦૮-૨૦૨૬ના રોજ ફરી એ જ બાબત ટાંકીને બોર્ડ પાસે 'અહેવાલ' માગતો પત્ર ફટકારી દીધો છે. આ પત્રવ્યવહાર સ્પષ્ટ દર્શાવે છે કે કલેક્ટર અને મનપા તંત્ર માત્ર કાગળની હોડીઓ ચલાવીને ભાજપના વગદાર દબાણકારોને ડિમોલિશનની કામગીરીમાંથી બચાવવા માટે સમય આપી રહ્યું છે. જવાબદાર તંત્રના આવા બેવડા ધોરણો સામે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને સૌ કોઈ પૂછી રહ્યા છે કે આ ગેરકાયદે કોમર્શિયલ દબાણો પર બુલડોઝર ક્યારે ફરશે?

### રાજકોટના ખેલદિલો માટે મોટા સમાચાર

# ૨૦૨૭થી રેસકોર્સ ક્રિકેટ ગ્રાઉન્ડમાં નવરાત્રી નહીં યોજાય

## રમતગમતને પ્રોત્સાહન આપવા તંત્રનો મહત્વનો નિર્ણય મેદાનનો ઉપયોગ હવે માત્ર રમતો માટે જ થશે



રાજકોટ, તા. ૧૮

ખેલજગત અને રમતવીરો માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. રાજકોટના રેસકોર્સ ક્રિકેટ ગ્રાઉન્ડને વર્ષ ૨૦૨૭થી નવરાત્રી મહોત્સવ કે અન્ય વ્યાપારી આયોજનો માટે ભાડે આપવાનો સદંતર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મહાનગરપાલિકા દ્વારા લેવાયેલા આ મહત્ત્વના નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ક્રિકેટ ગ્રાઉન્ડનો ઉપયોગ માત્ર અને માત્ર રમતગમતના હેતુઓ માટે જ થાય તે સુનિશ્ચિત કરવાનો છે.

આ અગાઉ વર્ષ ૨૦૨૫ દરમિયાન પણ રેસકોર્સ ગ્રાઉન્ડને નવરાત્રી માટે આપવા સામે શહેરભરમાં ભારે વિરોધ થયો હતો. ક્રિકેટપ્રેમીઓ અને સ્થાનિક ખેલાડીઓ દ્વારા સવાલ ઉઠાવવામાં આવ્યા હતા કે આખરે દર વર્ષે માત્ર ક્રિકેટ ગ્રાઉન્ડને જ કેમ નવરાત્રી જેવા મોટા આયોજનો માટે ધરમધક્કે ચડાવવામાં આવે છે? મહાનગરપાલિકા દ્વારા મેદાનની યોગ્ય જાળવણી, ઘાસની ગુણવત્તા જાળવી રાખવા અને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવામાં તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યું હોવા છતાં, માત્ર આર્થિક ઉપાર્જન કે આવક ઊભી કરવાના હેતુથી ગ્રાઉન્ડને ભાડે આપવામાં આવતું હતું, જેને લઈને ખેલ જગતમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૨૭થી આ નિયમ લાગુ થવાનો હોવા છતાં, ચાલુ વર્ષની નવરાત્રી માટે નિયત પ્રક્રિયા યથાવત રહેશે. આગામી ૨૧મી તારીખે આ મામલે પ્રિ-બિડ મીટીંગ યોજાશે, જ્યારે રસ ધરાવતા આયોજકો ૨૫ સપ્ટેમ્બર સુધી ટેન્ડર ભરી શકશે. લાંબા સમયથી ચાલી રહેલી રમતવીરોની માંગણી અને મેદાનની પવિત્રતા જાળવી રાખવાના ઉદ્દેશ્ય સાથે હવે તંત્ર દ્વારા લેવાયેલ આ પગલું ક્રિકેટના વિકાસ માટે સીમાચિહ્ન રૂપ સાબિત થશે.

### શિક્ષણ જગતમાં મોટા એક્શન : રાજકોટ સહિત રાજ્યભરમાં તાકીદનો આદેશ

# રાજ્યની સરકારી શાળાઓમાં કામગીરી 'સુપર ફાસ્ટ' મોડમાં

## શૈક્ષણિક અને વહીવટી પ્રક્રિયામાં યોજનાઓની કામગીરીને 'ટોપ પ્રાયોરિટી' પર રાખવી પડશે

રાજકોટ, તા.૧૮

રાજ્યની તમામ શાળાઓમાં શૈક્ષણિક કાર્યની સાથે વિવિધ સરકારી યોજનાઓ, વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓ અને વહીવટી કામગીરી સમયસર પૂર્ણ થાય તે માટે શિક્ષકોને ખાસ માર્ગદર્શન અને આયોજન કરવા સૂચના આપવામાં આવી છે. શાળા કક્ષાએ એકસાથે અનેક કામગીરીઓ સરખી રીતે પાર પાડી શકાય તે માટે અગાઉથી યોગ્ય આયોજન અને સમયબદ્ધ સમીક્ષા કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. શાળા કક્ષાએ હાથ ધરવાની કામગીરીમાં ખેલ મહાકુંભનું રજિસ્ટ્રેશન અને ઈઝજ સંબંધિત પ્રક્રિયા સૌથી પહેલી પૂર્ણ કરવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, ગખખજ સ્કોલરશિપ માટેના જરૂરી દસ્તાવેજો અને વિગતોની ચકાસણી કરીને પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. સાથે જ, નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજનાઓ હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને સમયસર લાભ મળે




તે માટે જરૂરી તમામ વિગતો શાળા સ્તરે સુવ્યવસ્થિત રાખવાની સૂચના અપાઈ છે.

વિદ્યાર્થીઓની ડિજિટલ ઓળખ સમાન અડઅઅછ ઈઉ બનાવવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, યોજાનારી ચિત્ર સ્પર્ધા માટે સ્થાનિક સ્તરે જરૂરી સાધન-સામગ્રી અને સ્થળની વ્યવસ્થા અગાઉથી પૂરી કરી લેવા સૂચના આપવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓને ભાગ લેવામાં કોઈ મુશ્કેલી ન પડે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓનું મૂલ્યાંકન અને વિશ્લેષણ કરીને નબળા વિષયોમાં સુધારાત્મક માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. PARAKH તેમજ આગામી તમામ કસોટીઓ માટે વિષયવાર યોગ્ય આયોજન કરીને વિદ્યાર્થીઓને પૂરતી તૈયારી કરાવવામાં આવશે.

વિદ્યાર્થીઓમાં અભ્યાસક્રમ સિવાયના જ્ઞાનનો વિકાસ થાય તે માટે વાંચન અને પૂરક વાંચનની પ્રવૃત્તિઓ પ્રોત્સાહિત કરાશે. સાથોસાથ શિક્ષકો પોતાની શિક્ષણ પદ્ધતિને વધુ અસરકારક બનાવી શકે તે માટે તેમના વ્યાવસાયિક વિકાસની પ્રવૃત્તિઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરાશે. તમામ શાળાઓએ અત્યાર સુધી થયેલી કામગીરીની સમીક્ષા કરી, શૈક્ષણિક અને વહીવટી પ્રક્રિયાઓ સમયમર્યાદામાં પૂર્ણ થાય તે મુજબનું આયોજન અમલમાં મૂકવાનું રહેશે.

### જામનગર, દ્વારકા અને પોરબંદરમાં સ્થિતિ ગંભીર; મોરબી અને સુરેન્દ્રનગરને થોડી રાહત

# સૌરાષ્ટ્ર માથે તોળાતું જળસંકટ

## અનેક ડેમો તળિયાઝાટક, પિવાના પાણી માટે હાહાકારના એંધાણ



રાજકોટ, તા.૧૮

સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં આવેલા જળાશયોમાં પાણીની સ્થિતિ અત્યંત ચિંતાજનક તબક્કે પહોંચી ગઈ છે. ખાસ કરીને જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જળસંગ્રહ તળિયે પહોંચી ગયો છે, જ્યારે રાજકોટમાં મધ્યમ અને સુરેન્દ્રનગર તથા મોરબી જિલ્લામાં સ્થિતિ પ્રમાણમાં રાહતરૂપ જોવા મળી રહી છે.

સુરેન્દ્રનગર જિલ્લો ૭૧.૯૨% પાણી સાથે સૌથી સુરક્ષિત સ્થિતિમાં છે. મોરબી જિલ્લાના જળાશયોમાં ૬૫.૫૬% પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. રાજકોટ જિલ્લામાં ૪૦.૩૩% જળસંગ્રહ નોંધાયો છે. તેની સરખામણીએ જામનગર જિલ્લામાં માત્ર ૮.૪૪% અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નગણ્ય એવો ૦.૬૯% પાણીનો જથ્થો જ બચ્યો છે. અમરેલી જિલ્લાના સાકરોલી ડેમમાં ૨૫.૪૮% પાણી ઉપલબ્ધ છે, જ્યારે પોરબંદર જિલ્લાનો સોરઠી ડેમ સંપૂર્ણપણે સુકાઈને કોરોકટ (0%) થઈ ગયો છે.

મુખ્ય જળાશયોમાં પાણીના જથ્થા અને તેની સામે રહેલી ઘટનો ચિતાર મેળવીએ તો, રાજકોટ જિલ્લાની જીવાદોરી સમાન ભાદર-૧ ડેમમાં માત્ર ૧,૩૫૨ મીટર ક્યુબિક ફૂટ પાણી જ ભરાયેલું છે, એટલે કે તેમાં ૨૦.૩૫% પાણી જ બચ્યું છે અને વિપુલ પ્રમાણમાં ૫,૨૯૨ મીટર ક્યુબિક ફૂટ પાણીની મસમોટી ઘટ જોવા મળી રહી છે. જોકે, ભાદર-૨ ડેમ ૭૭.૭૬% ભરાયેલો છે, જેમાં ૧,૩૪૬ મીટર ક્યુબિક ફૂટ પાણી ઉપલબ્ધ છે અને ૩૮૫ મીટર ક્યુબિક ફૂટની ઘટ છે. રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારને પાણી પૂરું પાડતા આજી-૧ ડેમમાં ૪૫.૦૪% (૪૦૫ મી.ક્યુ. ફૂટ જથ્થો, ૫૧૩ મી.ક્યુ.ફૂટ ઘટ), આજી-૨ માં ૭૩.૨૯% (૫૭૨ મી.ક્યુ.ફૂટ જથ્થો, ૨૦૮ મી.ક્યુ. ફૂટ ઘટ), આજી-૩ માં ૫૨.૨૪% (૯૧૮ મી.ક્યુ. ફૂટ જથ્થો, ૮૩૯ મી.ક્યુ.ફૂટ ઘટ) અને ન્યારી-૧ ડેમમાં ૪૩.૫૨% પાણીનો જથ્થો (૪૮૨ મી.ક્યુ.ફૂટ જથ્થો, ૭૦૫ મી.ક્યુ.ફૂટ ઘટ) ઉપલબ્ધ છે. બીજી તરફ, ન્યારી-૨ અને લાલપરી ડેમ ૧૦૦% સંપૂર્ણ ભરાયેલા છે, પરંતુ છાપરવાડી-૧ માં માત્ર ૩.૪૦%, ડોંડીમાં ૬.૬૩%, કર્ણકીમાં ૭.૯૭%, છાપરવાડી-૨ માં ૧૦.૨૩% અને મોતીસર ડેમમાં ૧૧.૮૨% જેટલો જ અતિ અલ્પ જળસંચય બાકી રહ્યો છે.

મોરબી જિલ્લામાં જળસ્થિતિ સારી છે. મચ્છુ-૧ ડેમમાં ૬૧.૦૯% (૧,૪૮૭ મી.ક્યુ.ફૂટ જથ્થો, ૯૪૮ મી.ક્યુ.ફૂટ ઘટ) અને મચ્છુ-૨ માં ૭૦.૮૩% પાણી ઉપલબ્ધ છે (૨,૧૯૯ મી.ક્યુ.ફૂટ જથ્થો, ૯૦૫ મી.ક્યુ.ફૂટ ઘટ). મચ્છુ-૩ ડેમ ૧૦૦% સંપૂર્ણ ભરાયેલો છે. બ્રાહ્મણી-૧ ડેમમાં ૯૩.૬૭% (૧,૯૩૦ મી.ક્યુ.ફૂટ જથ્થો, ૧૩૦ મી.ક્યુ.ફૂટ ઘટ) અને ઘોડાધ્રોઈ ડેમમાં ૮૪.૦૧% પાણીનો જથ્થો છે. જોકે, ડેમી-૩ (૨.૮૯%) અને ડેમી-૧ (૪.૨૩%) જળાશયોમાં પાણી તળિયે પહોંચી ગયું છે.

સુરેન્દ્રનગર જિલ્લાના ડેમોમાં સ્થિતિ સંતોષકારક છે. વઢવાણ ભોગાવો-૨ (ધોળીધજા) ડેમમાં ૯૧.૧૮% પાણી ઉપલબ્ધ છે (૫૯૬ મી.ક્યુ. ફૂટ જથ્થો, ૬૪ મી.ક્યુ.ફૂટ ઘટ), ત્રિવેણી ઠાંગામાં ૮૯.૯૭% (૯૩ મી.ક્યુ.ફૂટ જથ્થો, ૧૧ મી.ક્યુ.ફૂટ ઘટ), વઢવાણ ભોગાવો-૧ (નાયકા) માં ૮૫.૧૨% (૪૧૨ મી.ક્યુ.ફૂટ જથ્થો, ૭૨ મી.ક્યુ.ફૂટ ઘટ) અને લીંબડી ભોગાવો-૧ માં ૭૭.૭૬% પાણી ઉપલબ્ધ છે (૫૯૭ મી.ક્યુ.ફૂટ જથ્થો, ૧૭૬ મી.ક્યુ.ફૂટ ઘટ). આ ઉપરાંત વાસલ ડેમ ૧૦૦% ભરાઈને ઓવરફ્લો થઈ રહ્યો છે, જ્યારે માત્ર ધારી ડેમમાં ૮.૩૧% જેટલું ઓછું પાણી નોંધાયું છે.

સૌથી વિપરીત પરિસ્થિતિ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સર્જાઈ છે. જામનગરના સસોઈ ડેમમાં માત્ર ૫.૪૩% પાણી જ બચ્યું છે (૭૩ મી.ક્યુ. ફૂટ જથ્થો, ૧,૨૬૮ મી.ક્યુ.ફૂટ ઘટ). આજી-૪ માં ૧૦.૯૫% (૧૫૪ મી.ક્યુ.ફૂટ જથ્થો, ૧,૨૫૩ મી.ક્યુ.ફૂટ ઘટ) અને ઉંડ-૧ માં ૯.૩૦% પાણી છે (૨૨૬.૭૨ મી.ક્યુ.ફૂટ જથ્થો, ૨,૨૧૨ મી.ક્યુ.ફૂટ ઘટ). જામનગરના ફૂલઝર-૨, વાડીસંગ અને રૂપાવટી ડેમ સંપૂર્ણપણે સુકાઈ ગયા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થિતિ અત્યંત ગંભીર છે, જ્યાં સાની ડેમ (૧,૩૭૯ મી.ક્યુ.ફૂટ ઘટ) અને સીધણી ડેમ સંપૂર્ણ DRY (કોરાકટ) થઈ ગયા છે. આ સિવાય વર્તુ-૧, વર્તુ-૨, ગઢકી અને શેઢા ભાડથરી જેવા મુખ્ય ડેમોમાં પાણીનો સંચય ૦.૧% થી પણ ઓછો છે અને સમગ્ર જિલ્લામાં વેરાડી-૨ ડેમમાં સૌથી વધુ માત્ર ૪.૩૧% પાણી બચ્યું છે. આમ, સમગ્ર પ્રદેશમાં દ્વારકા અને જામનગર જિલ્લાઓ ભારે જળસંકટનો સામનો કરી રહ્યા છે, જ્યારે સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં પાણીની આવશ્યકતા સુચારુ રૂપે પૂર્ણ થઈ શકે તેમ છે.

# મટકીથી આવાસ

## રાજકોટમાં બધું બરાબર દેખાતું નથી : છીંડા બુરવા જરૂરી



રાજકોટ મહાનગરપાલિકામાં હાલ જે પ્રકારનું વાતાવરણ જોવા મળી રહ્યું છે તે જોતાં ચોક્કસપણે કહી શકાય કે તંત્રમાં બધું બરાબર ચાલી રહ્યું નથી. દરરોજ નવા વિવાદો સામે આવી રહ્યા છે. આ પરિસ્થિતિને કારણે પ્રજામાં અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. તંત્રથી માંડીને રાજકીય નેતાઓ સુધીના તમામ લોકો બેકાબૂ બન્યા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. મહાપાલિકાની છબી સતત ધૂંધળી થઈ રહી છે.

હાલમાં જ આવાસ યોજનાને લઈને એક મોટો વિવાદ સામે આવ્યો છે. ડેપ્યુટી મેયરના નામે આવાસ યોજનાના મકાનમાં નિવાસ હોવાની ઘટનાએ શહેરમાં ભારે ગરમાવો લાવી દીધો છે. નિયમો મુજબ જરૂરિયાતમંદ લોકોને જ આવા મકાનો મળવા જોઈએ. છતાં આવા કિસ્સા બહાર આવતા ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. આ મામલે દક્ષાબહેન દ્વારા ખુલાસો કરી દેવામાં આવ્યો છે. પરંતુ વિવાદ હજુ શાંત થયો નથી. લોકોમાં હજુ પણ અનેક તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે.

આ અગાઉ જન્માષ્ટમીના તહેવાર દરમિયાન મટકીફોડના કાર્યક્રમ અંગે પણ ભારે વિવાદ સર્જાયો હતો. આ કાર્યક્રમમાં લાખો રૂપિયાનો ખોટો વેડફાટ થયો હોવાના સનસનાટીપૂર્ણ આક્ષેપો થયા હતા. પ્રજાના ટેક્સના નાણાંનો આ રીતે અયોગ્ય ઉપયોગ થાય તે સહન કરી શકાય નહીં. આવા આક્ષેપોથી મહાપાલિકાની કાર્યશૈલી સામે શંકાની સોય ચીંધાય છે.

એક પછી એક બની રહેલી આ ઘટનાઓ દર્શાવે છે કે વહીવટ પરથી પકડ છૂટી રહી છે. મટકીફોડના કાર્યક્રમથી શરૂ થયેલી લાપરવાહી હવે આવાસ યોજના સુધી પહોંચી ગઈ છે. આ તમામ બાબતો મહાનગરપાલિકાની વિશ્વસનીયતા પર મોટા છાંટા ઉડાડે છે. પ્રજાનો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા પરથી વિશ્વાસ ઊઠી રહ્યો છે.

શહેરના વિકાસ અને સુશાસન માટે આ સ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે. જો સમયસર પગલાં લેવામાં નહીં આવે તો સ્થિતિ વધુ વણસી શકે છે. હવે વહીવટી તંત્ર અને રાજકીય નેતૃત્વ માટે નિર્ણાયક પરિસ્થિતિ અનિવાર્ય બની ગઈ છે. છીંડાં પૂરવા માટે તાત્કાલિક અને કડક નિર્ણયો લેવાની ભારે જરૂરિયાત છે. જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરીને પારદર્શિતા લાવવી જ પડશે, જેથી પ્રજાનો વિશ્વાસ પુનઃસ્થાપિત થઈ શકે.

### સેમીકોન ૨.૦ લોન્ચ

# વૈશ્વિક દિગ્ગજો ભેગા થયા

## સમગ્ર ચિપ મૂલ્ય શૃંખલા સ્વદેશી રીતે બનાવવાની તૈયારી શરૂ

નવીદિલ્હી, તા. ૧૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના યશોભૂમિ ખાતે SEMICON India ૨૦૨૬નું ઉદઘાટન કર્યું. તેમણે કહ્યું, ''ભારત તેની સેમિકન્ડક્ટર યાત્રાના બીજા તબક્કામાં પ્રવેશી ગયું છે. ચાર વર્ષમાં, દેશે તે હાંસલ કર્યું છે જે વિશ્વ સામાન્ય રીતે એક દાયકા સુધી પ્રાપ્ત કરે છે. દેશની સેમિકન્ડક્ટર યાત્રા એક સતત પ્રક્રિયા છે, અને ચિપ ઉત્પાદન એક ક્યારેય સમાપ્ત ન થતી યાત્રા છે.'' SEMICON India ૨૦૨૬ સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે ''સિલિકોન ટુ સિસ્ટમ્સઃ બિલ્ડીંગ ધ ઈકોસિસ્ટમ'' થીમ પર આયોજિત થઈ રહ્યું છે. ૧૭ થી ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી ચાલનારી આ ઈવેન્ટ વિશ્વભરના અગ્રણી ઉદ્યોગ નેતાઓ, નીતિ નિર્માતાઓ, રોકાણકારો, શિક્ષણવિદો અને સ્ટાર્ટઅપ્સને એકસાથે લાવી રહી છે.



સેમિકન્ડક્ટર આજની આધુનિક ટેકનોલોજીનો મુખ્ય ઘટક છે. તેઓ દેશની આર્થિક શક્તિનો પાયો પણ છે. તેઓ કૃત્રિમ બુદ્ધિ (AI), મોબાઈલ નેટવર્ક્સ, ઈલેક્ટ્રિક વાહનો, સંરક્ષણ અને આધુનિક ફેક્ટરીઓને શક્તિ આપે છે. ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, 5G-6G, ડેટા સેન્ટર્સ અને સ્વ-ડ્રાઈવિંગ વાહનો જેવી નવી ટેકનોલોજીઓ ચિપ્સની સતત વધતી માંગને આગળ ધપાવી રહી છે. જ્યારે આ ચિપ્સ સરળતાથી ઉપલબ્ધ હોય છે અને ઉચ્ચ ગુણવત્તાની હોય છે, ત્યારે નવીનતા ખીલે છે, દેશની સ્પર્ધાત્મકતા મજબૂત થાય છે અને તકનીકી શક્તિ વધે છે. વૈશ્વિક સેમિકન્ડક્ટર બજાર ઝડપથી વધી રહ્યું છે. ૨૦૧૪ અને ૨૦૨૪ ની વચ્ચે, તે સરેરાશ વાર્ષિક ૬.૫ ટકાના દરે વધ્યું. આગામી ૫ થી ૧૦ વર્ષોમાં તે ૮.૫ ટકાના દરે વધવાનો અંદાજ છે. જો કે, તાજેતરના વર્ષોમાં ઘણી સમસ્યાઓએ વૈશ્વિક ચિપ સપ્લાય ચેઈન નબળી પડી હોવાનું જાહેર કર્યું છે. દેશો વચ્ચેના તણાવને કારણે અન્ય દેશો પર નિર્ભર બનવાનું જોખમ પણ વધ્યું છે. તેથી, મોટા દેશો હવે તેમની પોતાની સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષમતાનો વિસ્તાર કરી રહ્યા છે.

સેમિકન્ડક્ટર એક એવી સામગ્રી છે જેની વીજળીનું સંચાલન કરવાની ક્ષમતા નિયંત્રિત કરી શકાય છે. તાંબા જેવી સામગ્રી વીજળીને મુક્તપણે વહેવા દે છે, જ્યારે પ્લાસ્ટિક જેવી સામગ્રી વીજળીને અવરોધે છે. સેમિકન્ડક્ટરને ઈલેક્ટ્રિકલ સિગ્નલો ચાલુ, બંધ, વિસ્તૃત, સેન્સ અથવા નિયંત્રિત કરવા માટે ડિઝાઈન કરી શકાય છે. ટ્રાન્ઝિસ્ટર એક નાનું ઈલેક્ટ્રોનિક સ્વીચ છે. આધુનિક ચિપ્સમાં લાખો અથવા અબજો ટ્રાન્ઝિસ્ટર અને અન્ય ઘટકો હોય છે. તેમની સંયુક્ત ક્રિયા કમ્પ્યુટિંગ, સંદેશાવ્યવહાર, સેન્સર, મેમરી અને પાવર મેનેજમેન્ટને સક્ષમ બનાવે છે. મોટાભાગના આધુનિક ઈલેક્ટ્રોનિક ઉપકરણો સેમિકન્ડક્ટર પર ચાલે છે. સ્માર્ટફોન, કમ્પ્યુટર, તબીબી ઉપકરણો, વાહનો, સંરક્ષણ પ્રણાલીઓ, ઉપગ્રહો અને ડેટા સેન્ટરો બધા સેમિકન્ડક્ટર ઘટકોનો ઉપયોગ કરે છે. સરળ શબ્દોમાં કહીએ તો, સેમિકન્ડક્ટર આધુનિક ઈલેક્ટ્રોનિક્સનો પાયો છે.

સિલિકોન એ સૌથી વધુ ઉપયોગમાં લેવાતી સેમિકન્ડક્ટર સામગ્રી છે. તે રેતીમાં જોવા મળતા સિલિકામાંથી બનાવવામાં આવે છે. ચિપનું ઉત્પાદન અત્યંત શુદ્ધ સિલિકોનથી શરૂ થાય છે, જે લાંબા નળાકાર આકારમાં બને છે. આને પાતળા વેફરમાં કાપીને પોલિશ કરવામાં આવે છે. આ વેફર્સને પછી ફેક્ટરીમાં સેંકડો કાળજીપૂર્વક નિયંત્રિત પ્રક્રિયાઓમાંથી પસાર કરવામાં આવે છે, જેમાં ડિપોઝિશન, ફોટોલિથોગ્રાફી, એચિંગ અને આયન ઈમ્પ્લાન્ટેશનનો સમાવેશ થાય છે.

# ભાજપે પક્ષમાં ભાગલા પાડવાના આરોપોનો કર્યો પલટવાર

## મમતા અને પવાર કોંગ્રેસથી અલગ થઈ ગયા : સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે કોંગ્રેસથી અલગ થઈને ટીએમસી અને એનસીપીની રચના થઈ હતી

નવીદિલ્હી, તા. ૧૮

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના ''પાર્ટી ચોરી'' ના આરોપનો જવાબ આપતા, ભારતીય જનતા પાર્ટી (BJP) એ તેમના પર નિશાન સાધ્યું. ભાજપના નેતા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે રાહુલ ગાંધીએ ભાજપ પર નિશાન સાધતા જે પક્ષોનું નામ લીધું હતું તે ખરેખર કોંગ્રેસથી અલગ થઈ ગયા હતા... મમતા બેનર્જીએ કોંગ્રેસ છોડીને પોતાનો પક્ષ બનાવ્યો, અને શરદ પવારે પણ કોંગ્રેસ છોડીને રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી (NCP) બનાવી... રાહુલ ગાંધીને પોતાની પાર્ટીનો ઈતિહાસ ખબર નથી. ભાજપના નેતા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે શરદ પવારે ૧૯૯૧ માં વિદેશી મૂળના મુદ્દા પર કોંગ્રેસ છોડી દીધી હતી... અને હવે વિદેશી મૂળના વારસદાર રાહુલ ગાંધી, પોતાના પક્ષના સાર સમજી શકતા નથી... ૧૯૯૭ માં, મમતા બેનર્જીએ, કોંગ્રેસની અંદરની પરિસ્થિતિથી નાખુશ, કોંગ્રેસ છોડી દીધી... અને પછી પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસની રચના કરી... આ



પછી, મમતા બેનર્જીએ તૃણમૂલ અને તેના મૂળની મદદથી પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસનો નાશ કર્યો.

રાહુલ ગાંધી પર નિશાન સાધતા ભાજપના નેતા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું, ''ઘણા નેતાઓ શું લખે છે તે વાંચતા નથી... રાહુલ ગાંધી આમાં અગ્રણી નેતા છે... જો તમને તમારી પાર્ટીનો ઈતિહાસ ખબર નથી, તો તમારા પરિવારનો ઈતિહાસ શોધો... ૧૯૬૯માં, ઈન્દિરા ગાંધીએ તેમની પોતાની પાર્ટી વિરુદ્ધ મતદાન કર્યું હતું... રાહુલ ગાંધી તેમના પરિવારની મહાન સિદ્ધિઓ જાણતા નથી... થોડા દિવસો પહેલા જ, અશોક ગેહલોત રાષ્ટ્રીય અધ્યક્ષ બનવાના હતા, પરંતુ તેમને તેમ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી.''

કોંગ્રેસ પર આરોપ લગાવતા, ભાજપના નેતા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું, તેમણે કહ્યું, 'ચૌધરી ચરણ સિંહ સાથે કોણે દગો કર્યો... કોંગ્રેસ... સત્ર શરૂ થાય તે પહેલાં જ ટેકો પાછો ખેંચી લીધો... તાજેતરમાં ૨૦૦૯ અને ૨૦૧૮માં, તમે રાજસ્થાનમાં અડધો ડઝન હાથીઓને ગળી ગયા... ૬ ધારાસભ્યો બસપાના હતા જે તમને ટેકો આપી રહ્યા હતા... તમે તેમને તમારામાં સામેલ કર્યા... રાહુલ ગાંધીને પોતાની પાર્ટીનો ઈતિહાસ પણ ખબર નથી.' પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચના નિર્ણય પર રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'પહેલા શિવસેના, પછી એનસીપી અને હવે તૃણમૂલ કોંગ્રેસ... દર વખતે એક જ પેટર્ન - ભાજપ અને ચૂંટણી પંચ મળીને એક પક્ષ તોડે છે... પછી તેનું ચૂંટણી ચિહ્ન છીનવી લેવામાં આવે છે... જ્યારે એક આખી પાર્ટી ચોરી થઈ શકે છે, ત્યારે કરોડો ભારતીયોના મત પણ ચોરી થાય છે તે આશ્ચર્યજનક નથી... મત ચોરી... સરકારી ચોરી... હવે પાર્ટી ચોરી - આ આપણા લોકશાહી પતનનું પ્રતીક બની ગયા છે. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું હતું કે, ''ઈસીઆઈની બંધારણીય જવાબદારી લોકોના આદેશનું રક્ષણ કરવાની છે - પરંતુ તેના બદલે, તે તે શક્તિઓને મદદ કરી રહી છે જે લોકોના નિર્ણયને ઉથલાવી દે છે... આ લડાઈ ફક્ત મમતા બેનજીર્ની નથી... તે દરેક રાજકીય પક્ષની, દરેક મતદારની લડાઈ છે જે મુક્ત અને ન્યાયી ચૂંટણી ઈચ્છે છે.''

### પાંચ મહિનામાં મમતા બેનજીર્ની રાજકીય દુનિયા કેવી બદલાઈ ગઈ

# પૈસા, પાર્ટી અને પ્રતીક... બધું જ ખતમ થઈ ગયું

નવીદિલ્હી, તા. ૧૮

તારીખ ૫ મે, ૨૦૨૬ હતી. સ્થળ કોલકાતાનું પ્રખ્યાત કાલીઘાટ હતું. મમતા બેનર્જી સફેદ રૂમાલમાં લપેટાયેલ માઈક્રોફોન લઈને મીડિયા સમક્ષ હાજર થયા હતા. આ પ્રસંગ બંગાળની ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસની હાર અંગે ચર્ચા કરવાનો હતો. પત્રકારો સાથે વાત કરતા મમતા બેનર્જીએ કહ્યું, ''હું એક શેરી લડવૈયા છું. ચૂંટણીમાં જીત કે હાર મારા માટે કોઈ ફરક નથી પાડતી. હું રસ્તાઓ પર હતી અને ત્યાં જ રહીશ.'' કાર્યકરોને પ્રોત્સાહન આપતા મમતા બેનર્જીએ જાહેર કર્યું, ''હું હાર્યો નથી. અમારા ૮૦ ધારાસભ્યો ચૂંટણીમાં ચૂંટાયા હતા.'' જોકે, પાંચ મહિના પછી, મમતા બેનજીર્નું રાજકીય વિશ્વ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. તેમણે જે પક્ષને પુનર્જીવિત કરવાની જાહેરાત કરી હતી તે હવે અસ્તિત્વના સંકટનો સામનો કરી રહી છે. ૮૦ ને બદલે, મમતા પાસે હવે ફક્ત ૨૦ ધારાસભ્યો બાકી છે.



મમતા બેનર્જીએ ૧૯૯૮ માં કોંગ્રેસ સામે બળવો કર્યા પછી તૃણમૂલ કોંગ્રેસની રચના કરી હતી. અઠ્ઠાવીસ વર્ષ પછી, પાર્ટીનું ભવિષ્ય હવે અનિશ્ચિત છે. આ વિવાદ ચૂંટણી પંચ સમક્ષ છે, અને પંચે હજુ સુધી નિર્ણય લીધો નથી. હાલ માટે, મમતાએ પાર્ટી પરનો નિયંત્રણ છોડી દીધો છે. ચૂંટણી પંચ દ્વારા મમતા બેનજીર્ને એક નવી પાર્ટી બનાવવા માટે કહેવામાં આવ્યું છે, જેનું નામ અસ્થાયી રૂપે મમતા ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ છે. જ્યારે તેમણે તૃણમૂલની રચના કરી ત્યારે તેમણે તેને ગ્રાસરુટ પાર્ટી તરીકે વર્ણવી હતી. પરિણામે, પાર્ટીનું પ્રતીક જોડા ફૂલ (બે ફૂલો અને ઘાસ) હતું. ચૂંટણી પંચે હવે તેને જપ્ત કરી લીધું છે. ચૂંટણી પંચે મમતા બેનજીર્ને એક નવું પ્રતીક આપ્યું છે, ફૂટબોલ ખેલાડી. ૨૮ વર્ષથી ટીએમસીનું પ્રતીક જોડા ફૂલ હવે બંગાળની ચૂંટણીમાં જોવા મળશે નહીં. ૫ મેના રોજ જ્યારે મમતા બેનર્જીએ પત્રકારોને સંબોધન કર્યું ત્યારે પાર્ટીના ખાતામાં ₹૪૪૦ કરોડ હતા. આ પૈસા હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ફ્રીઝ કરવામાં આવ્યા છે. ED હેલિકોપ્ટર ખરીદી કેસની તપાસ કરી રહી છે, જેમાં મની લોન્ડરિંગનો આરોપ છે. મમતા બેનજીર્ને આ મામલે હાઈકોર્ટ તરફથી રાહત મળી નથી.

પાંચ મહિના પછી, મમતા બેનજીર્ની પાર્ટી સંપૂર્ણપણે વિખેરાઈ ગઈ છે. પાર્ટી ત્રણ જૂથોમાં વિભાજીત થઈ ગઈ છે. સુદીપ બંદોપાધ્યાય સહિત વીસ સાંસદો NCPમાં જોડાયા છે. તેમાં કાકોલી ઘોષ દસ્તીદાર અને સાયોની ઘોષનો સમાવેશ થાય છે, જેઓ મમતા બેનજીર્ની નજીક માનવામાં આવતા હતા. દરમિયાન, ૬૦ ધારાસભ્યો ધરાવતા ઋતાબ્રત બેનર્જી અને અરૂપ રોયે મૂળ ટીએમસીમાં દાવો રજૂ કર્યો છે. ૫ મેના રોજ મમતા પાસે ૮૦ ધારાસભ્યો અને ૨૮ સાંસદો હતા. હાલમાં, તેમની પાસે ૨૦ ધારાસભ્યો અને ૮ સાંસદો બાકી છે. જ્યારે બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ સત્તામાં હતી, ત્યારે ફિરહાદ હકીમ, અનુબ્રત મંડલ, અરૂપ રોય અને સુદીપ બંદોપાધ્યાયને મમતાના સૌથી નજીકના નેતાઓ માનવામાં આવતા હતા. હવે, તે બધાએ પાર્ટી છોડી દીધી છે. ફક્ત એક જ નેતા, મદન મિત્રા, જે મમતાના મંત્રીમંડળમાં મંત્રી હતા, તેમની સાથે રહ્યા છે.

મમતા બેનજીર્ના જૂના અને વિશ્વાસુ નેતાઓ કાં તો હવે હયાત નથી અથવા એકલા પડી ગયા છે. ઉદાહરણ તરીકે, સુબ્રત મુખર્જી અને મુકુલ રોય જેવા નેતાઓનું અવસાન થયું છે. પાર્થ ચેટર્જી અને અમિત મિત્રા અલગ થઈ ગયા છે. ચૂંટણીમાં હાર બાદ, પાર્ટીમાં અભિષેક બેનજીર્નો ખુલ્લેઆમ વિરોધ શરૂ થયો. અભિષેક ઋતાબ્રત અને કાકોલી જૂથોના નિશાના પર રહ્યા. જોકે, મમતા કહે છે કે આ બધું એક ષડયંત્ર છે.

# શબ્દ બ્રહ્મ

### સદ્ગુરૂ કૃપા હી કેવલમ્...

## પરિચય

### રામનામ જ પરમ વિશ્રામનો આધાર છે! એ ઘોષિત કરનાર તુલસીની આજ જન્મ જયંતિ છે



આજે શ્રાવણ સુદ સપ્તમી છે, એટલે તુલસી જયંતિ, તુલસીદાસજીનાં મહાન ચરિત્રની વંદના કરીએ. આ વખતે તુલસી જયંતિ નિમિત્તે બોસ્ટન ખાતે હાર્વર્ડ યુનિવર્સિટીમાં રામકથા સાથે સાથે તુલસી જન્મ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. સર્વ લોકના શુભ મંગલ માટે જે ચારે દિશામાં હરિકથાનું ગાન કરી રહ્યા છે, એવાં હરિ પ્રેમી ઓની સભા ચાલે છે. હિન્દુ ધર્મનો ડંકો વગાડવા જેમણે પોતાની જીંદગી દાવ પર લગાવી દીધી, એમને શત શત નમન. એક બે વખત મહુવા ખાતે તુલસી જન્મોત્સવ ઉજવાયો, અને એ બડભાગી ક્ષણોની સાક્ષી બનવાનું બન્યું હતું ! તુલસીનો જન્મ, એની જીવની, અને ત્યારબાદ તેનું જીવન કર્મ, રૂપે રામચરિત માનસ લખાયું! તુલસી સંવાદ અને સંવેદના નાં સંત હોવાથી એમણે રામરાજ્યની સ્થાપના સુધી કથા લખી, પછી પોતાના મનને વિશ્રામ મળ્યો! આપણાં સૌની રામરાજ્યની અપ્રિતમ મહેચ્છા છે, કદાચ મનોરથ પણ હોય શકે, પરંતુ બંગલો બનાવવાનો કે ગાડી ખરીદવાનો મનોરથ પૂર્ણ કરવાં જે જી જાનથી મહેનત થાય છે, એવી મહેનત રામરાજ્ય માટે નથી થતી એ હકીકત કોઈ નકારી શકે નહીં. પૂજ્ય બાપુની કરુણા આજે જગત ભર માટે પરાકાષ્ઠાએ છે, એટલે એ સૌનો પૂજ્ય બાપુ માટેનો પ્રેમ દેખાય. જ્યાં સત્ય હોય ત્યાં સ્ફૂર્તિ હોય, એ સૂત્ર અહીં સિદ્ધ થાય,અને એટલે જ પૂજ્ય બાપુ સત્ય, પ્રેમ, અને કરુણાની ત્રિવેણી રૂપ છે. હિન્દુસ્તાનની ધરતી પર સનાતન ધર્મ શું છે? અને તેને કેમ નિભાવી શકાય! એ વિશેનું સંપૂર્ણ જ્ઞાન આપણને રામચરિત માનસ આપે છે. તુલસીદાસજીએ તો લખ્યું, પરંતુ લોકોનાં માનસમાં એ વાત સિદ્ધ કરવા માટે રામાયણનું ગાન કરનાર તમામ કથાકારોનો ફાળો છે, અને એમાં મુખ્ય ફાળો પૂજ્ય બાપુનો છે. આજે તુલસી જયંતિ નિમિત્તે રામાયણની અમર કથા દ્વારા પુજ્ય પાદ શ્રી તુલસીદાસજી મહારાજનાં ચરણોમાં શબ્દ પુષ્પાંજલિ અર્પણ કરીએ.

પરમ પૂજ્ય પાદ શ્રી તુલસીદાસજી મહારાજ રામચરિત માનસના પ્રથમ ત્રણ શ્લોકમાં કહે છે કે..

વર્ણાનામર્થસંઘાનાં રસાનાં છન્દસામપિ મઙ્ગલાનાં ચ કર્ત્તારૌ વન્દે વાણીવિનાયકૌ
(૧)

ભવાનીશઙ્કરૌ વન્દે શ્રદ્ધાવિશ્વાસરૂપિણૌ યાભ્યાં વિના ન પશ્યન્તિ
સિદ્ધાઃસ્વાન્તઃસ્થમીશ્વરમ્ (૨)

વન્દે બોધમયં નિત્યં ગુરું શઙ્કરરૂપિણમ્ યમાશ્રિતો હિ વક્રોડપિ ચન્દ્રઃ સર્વત્ર વન્દ્યતે
(૩)

વાણી વિનાયક, ભવાની શંકર, અને ગુરુ વંદનાથી શરૂ થતું આ શાસ્ત્ર અદભુત છે, અને તેની એક એક ચોપાઈનો મર્મ ગુરુકૃપા એ સમજવો પડે. જેમ કે રામ હી કેવલ પ્રેમ પિયારા એ સૂત્રને પ્રતિપાદિત કરનારા તુલસી કહે છે, રામ ચરિત માનસ તો મંદાકિની છે, અને એમાંથી કેટલાંય રત્ન કણિકા જેવા પ્રસંગો નીકળે છે. જયમાળા રામના ગળામાં શું કામ પડે છે? સ્વયંવરમાં રામ અને રાવણ બંને હાજર હતાં. રામ પાસે રૂપ હતું તો રાવણ પણ રુપવાન હતો. રામ ધનવાન હતા તો રાવણ પણ ધનવાન હતો, સોનાની લંકાનું એશ્વર્ય ધરાવતો હતો. રામ બુદ્ધિમાન હતા તો રાવણ પણ વિદ્વાન હતો અને સંસ્કૃતનો પૂર્ણ જાણકાર હતો. રામ બળવાન હતાં, તો રાવણ પણ બળવાન હતો કૈલાશને ઊંચો કરવાનું સામર્થ્ય ધરાવતો હતો, છતાં સિયાજુ એ રામનાં ગળામાં જ કેમ જય માળા નાખી? કારણ કે રામ હી કેવલ પ્રેમ પિયારા. તુલસીએ ભામિનીની સુંદર આખ્યાયિકા કરીને કહ્યું કે ભામિની એટલે પત્ની, લક્ષ્મી માતાને શ્રાપ લાગ્યો, એટલે એ શબરી બન્યાં,અને એટલે પ્રભુશ્રી રામ એમને ભામિની કહે છે. વિભિષણની શરણાગતિ મહાન છે, એને પ્રભુ શ્રીરામ સિવાય કોઈ આશરો આપી શકે તેમ નથી, એ તે જાણતાં હતાં, અને પોતાનો ભાઈ ખોટું કરે છે, તો એને છોડી શત્રુ પક્ષે જવામાં વિલંબ કર્યો નહીં. પ્રભુ ભક્તિ વગર સુખ પ્રાપ્ત થતું નથી, અને ભક્તિ અકારણ આનંદ પદની પ્રાપ્તિ કરાવે છે. મહારાજા જનકની પુષ્પ વાટિકાના સુંદર મનોભાવ માળી, અને પ્રભુનાં સંવાદ રૂપે રજૂ કરી જનક નંદીની સીતાનો જયઘોષ, પ્રભુ શ્રી રામનાં મુખે કરાવ્યો. આપણી પાસે તુલસીદાસજી મહારાજ રચિત રામચરિત માનસ છે, અને રામ રાજ્ય કંઈ રીતે થયું, એ આપણે જાણીએ છીએ! ચરિત્ર નિર્માણ કેમ થાય છે એ આપણે સૌ જાણીએ છીએ! છતાં એ તરફ દુર્લક્ષ સેવીએ છીએ. બીજાંનાં અહમની રક્ષાનો સંકલ્પ લેવાથી રામ રાજ્ય આવશે, પણ આ બધું ચાર દીન કી ચાંદની જેમ પછી હતું તેમ! દરેકની માનસિકતાને વાહવાહી બોલાવવાનું જે ગ્રહણ લાગ્યું છે, એ દૂર નહીં થાય ત્યાં સુધી પૂર્ણ ચંદ્રનાં દર્શન કેમ થાય ? તો પ્રશ્ન થાય કે પૂર્ણ દર્શન કોણ કરાવે! ભોલે મહારાજ મહાદેવ, ભાલમાં ચંદ્ર ચમકે તેનાથી માર્ગ અજવાળે, અને જટાની ગંગાથી દ્રષ્ટિને પવિત્ર કરે, પછી જ પૂર્ણ દર્શન થાય! તો સતીને કેમ થયાં નહીં? એ તો અર્ધાંગિની હતાં ,પણ શ્રવણ દોષ, માત્ર કાનથી સાંભળ્યું, એટલે દક્ષ યજ્ઞમાં બળવું પડ્યું, બીજા રાવણે પણ કાનથી સાંભળ્યું, એટલે લંકા દહન થયું, અને એને પણ હણાવુ પડ્યું. લંકા દહન પછી હનુમાનજી પાછા ફરે છે, અને પ્રભુ પુછે છે, કે તમે એકલાંએ લંકા જલાવી? કહે ના! પાંચ જણાએ! પ્રભુ પુછે કોણ પાંચ! તો કહે તમારો પ્રતાપ, સીતા મૈયાનો સંતાપ, રાવણનું પાપ, મારો બાપ એટલે પવન અને હું, એમ પાંચ ભેગા થયાં એટલે લંકા જલી.

તુલસી કૃત રામચરિત માનસની કથા કરનાર કે અન્ય હરિકથા કરનાર તમામ વ્યાસપીઠ સમાન આદર નાં અધિકારી છે. બાપુ કહે છે, કે સાધુ માટે કોઈ વ્રત બંધન નથી હોતું. તે ઈચ્છે, તો વ્રત તોડી પણ શકે! સાધુને વ્રત ન બાંધે, બલ્કે સાધુ વ્રતને બાંધે છે! એકવાર બાપુએ કહ્યું હતું કે સેતુબંધ કરનાર જ કલ્યાણ કરી શકે છે. તુલસીદાસજીએ પરમ પુરુષાર્થવાદી વિશ્વામિત્રજી, અને પરમ પ્રારબ્ધવાદી વશિષ્ઠ ઋષિ વચ્ચે સેતુબંધ રચવાનું કામ કર્યું છે. વૈશ્વિક એકતા જેણે સ્થાપી છે, એવાં ગોસ્વામી શ્રી તુલસીદાસજીની આજે જન્મ જયંતી છે. આખરી માણસથી લઇને સર્વોચ્ચ વ્યક્તિ સુધીનાં સહુને આજનાં દિવસે વધાઈ. પૂજ્ય બાપુએ એક તુલસી જયંતિએ કહ્યું હતું કે શિવજીનાં મસ્તક પર ગંગા છે, અને ચંદ્ર છે. મતલબ કે બુદ્ધ પુરુષ આપણને પ્રકાશિત કરે અને પવિત્ર પણ કરે છે. શંકરનાં મસ્તિષ્ક પરની ગંગા સહુને પવિત્ર કરે છે, જ્યારે ભાલ પરનો ચંદ્ર સૌને પ્રકાશિત કરે છે.

તુલસીદાસજીની જન્મ તિથિ સાતમ શા માટે છે? તુલસીજીને સાતનો આંક સૌથી વધારે પ્રિય છે. આમ તો તુલસીદાસજીને ૧,૩,૫ ૭,૯ અને ૧૧ એટલા અંક પસંદ છે. અને તેનો સરવાળો ૩૬ થાય છે, જે પૂર્ણાંક છે. આપણે ત્યાં ૩૨ લક્ષણા'નું ઘણું જ મહત્વ છે.પરંતુ તુલસીદાસજી તો ૩૬ લક્ષણા છે! તુલસીદાસજીને સાતનો આંક વધારે પ્રિય છે અને એટલા માટે એમણે રામચરિતમાનસના સાત સોપાન આપ્યા છે. બાલકાંડ સંસ્કારનો કાંડ છે, અયોધ્યા કાંડમાં સ્વીકાર છે, અરણ્યકાંડમાં સત્સંગ છે. સુંદરકાંડમાં સંવાદ છે, લંકાકાંડ સંઘર્ષનો કાંડ છે અને સાતમા ઉત્તર કાંડમાં સુખ છે. આ સાત કાંડના 'સાત સ' તુલસીદાસજીનું જન્મ સપ્તક છે.

બાપુએ કહે છે કે, સાધુ બનવું સહેલું નથી. સાધુ બનવા માટે બહુ સાધના કરવી પડે છે, સાધુ બનતા બહુ વાર લાગે છે, બહુ રાહ જોવી પડે છે. સાધુનાં દર્શન તો કોઈ પુણ્યપૂંજને કારણે થઈ જાય છે, પણ સાધુ બનવા માટે જન્મ જન્મની સાધના જોઈએ! પૂજ્ય બાપુએ પોતાના અંતર મનની વાત કરી હતી. મારી અંગત આસ્થામાં ત્રણ ત્રિભુવન ગુરુ છે- એક ભગવાન શંકર, બીજા પૂજ્ય ત્રિભુવન દાદા અને ત્રીજા કાગભુષંડીજી મહારાજ. કોઈપણ ગુરુ કદી કંઠી ન પકડે, એ તો સાધકનો આશ્રિતનો કંઠ પકડે, કે જેથી રામ સિવાય એમાંથી કશો શબ્દ ન નીકળે. બસ રામ એક મંત્ર, રામ એક વિચાર, અને જે સૌને જોડે છે, એ વિચાર સાથે પૂર્ણ સહમતી દર્શાવી,અને રામનામ જ વિશ્રામનો પૂર્ણ આધાર છે, આવનારા સમયમાં બહુ જલ્દીથી રામ રાજ્ય સ્થાપાય એવું આચરણ કરીએ.જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### દિકરો રાતે માતા પાસેથી ટીફીન લઇ ગયો, સવારે ખાલી ટીફીન દેવા આવ્યો ત્યારે જોવા મળી'તી લાશ

# ગીતા મર્ડર : ભેદ ન ખુલતાં પોલીસ ગોટે ચડી

## અલગ અલગ એંગલથી પોલીસની ટીમોએ હત્યાનો ભોગ બનનારના પુત્ર, પતિ, પરિચીતોની ઉંડાણપુર્વક પુછપરછ કરીઃ પણ ભેદ ઉકેલવા સુધી દોરી જાય તેવી કોઇ કડી ન મળીઃ ટીમો દ્વારા તપાસ યથાવત

રાજકોટ, તા.૧૮

શહેરમાં બ્યુટી પાર્લર સંચાલીકાની ગળા પર તિક્ષ્ણ હથીયારના ઘા ઝીંકી હત્યા કરી નાખવાની ઘટનામાં પોલીસે અલગ અલગ દિશાઓમાં તપાસ કર્યા પછી પણ હજુ ભેદ અકબંધ રહેતાં પોલીસની મુંજવણ વધી ગઇ છે. ભેદ ઉકેલવાની મહેનત પોલીસની અલગ અલગ ટીમોએ યથાવત રાખી હતી.

વિગતો જોઇએ તો ગીતાબેન કિશોરભાઇ વાજા નામના બ્યુટી પાર્લર સંચાલીકાની હત્યા કરાયેલી લાશ તેણીના કાલાવડ રોડ મટુકી પાછળ આવેલા બાપા સિતારામનગરના ઘરમાંથી મળી હતી. હત્યાની આ ઘટનામાં યુનિવર્સિટી પોલીસે હત્યાનો ભોગ બનેલા ગીતાબેનના પતિ કિશોરભાઇ રવજીભાઇ વાજા-વાળંદ (બાપાસીતારામ પાર્ક પ્લો ટ નં.૮૩, મટુકી રેસ્ટોરન્ટની પાછળ મધુરમ ઓટો ગેરેજની બાજુમાં કાલાવડ રોડ, મુળ મોટા કાદલીયારા ગામ પાદરમાં તા. વંથલી જી. જુનાગઢ)ની ફરિયાદ પરથી અજાણ્યા સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. કિશોરભાઇએ ફરિયાદમાં જણાવ્યું હતુ કે હું છેલ્લા પાંચેક દિવસથી રાજકોટ ખાતે મારા પત્નિ ગીતા તથા દિકરા સાથે રહેવા આવ્યો છ અને વાળંદ કામ કરુ છું. સંતાનમાં બે દિકરા જેમા મોટો દિકરો આશીષ (ઉ.વ.૩૫) તથા નાનો દિકરો જીતુ (ઉ.વ.૩૦) છે.

વધુ માહિતી અનુસાર જીતુના લગ્ન નીશાબેન સાથે થયેલ છે અને તે પત્નિ સાથે વડોદરા ખાતે રહે છે. મકાન રાજેશભાઇ શીંગાળાએ મારા દિકરા જીતુને રહેવા માટે આપેલ છે. મકાનનું લાઇટબીલ રા જેશભાઇ શીંગાળાના નામે આવે છે. મારા પત્નિ ગીતા બ્યુટીપાર્લરનું કામ કરતાં હતાં. તેની દુકાન વિમલનગર પુષ્કર ધામ મેઇન રોડ રાજકોટ ખાતે







આવેલ છે. જે બ્યુટીપાર્લરના નામની મને ખબર નથી. હું ૧૬મી તારીખે કાલાવડ રોડ ઉપર પટેલ સ્ટીલ નામની દુકાનની ઉપરના ભાગે આવેલ નેચરલ એન્ડ નેચર હેર સલુન ખાતે રાત્રીના આશરે દસેક વાગ્યે હતો. આ વખતે મારો દિકરો આશિષ ઘરે મારી પત્નિ પાસેથી ટીફીન લેવા ગયો હતો. તે વીસેક મીનીટ પછી ટીફીન લઇ આવ્યો હતો. અમે બાપ-દિકરો દૂકાનમાં જ રહેતાં હોઇ અહિ જ જમ્યા હતાં.

આ પછી દિકરો નીચે પાન ફાકી ખાઇ થોડીવારમાં પાછો આવતાં અમે સુઇ ગયા હતાં. ૧૭મીએ ગુરૂવારે સવારે સાડા નવેક વાગ્યે મારો દિકરો આશીષ જાગીને અમારા રહેણાંક મકાન ખાતે ટીફીન આપવા માટે ગયેલ હતો અને હું સલુન ખાતે હતો. ત્યારે થોડીવારમાં મારો દિકરો પાછો આવી ગયો હતો. આશિષે મને કહ્યુ હતું કે- હું ઘરે ગયેલ ત્યારે ડેલી અંદરથી બંધ હોઇ ખખડવાવા છતાં મમ્મીએ ન ખોલતાં હું બાજુના મકાનમાંથી સીડી ચડી અમારી અગાસી ઉપર જઈ સીડીથી નીચે જઇ જોતાં ઘરનો દરવાજો ખુલ્લો હતો અને દરવાજાની સામે પડેલ ખાનાવાળા લાકડાના ટેબલ પાસે મારા મમ્મી લોહીલુહાણ હાલતમાં હોલમાં પડેલા હતાં.

તે કાંઈ બોલતા ન હતા જેથી મે ડેલી અંદરના ભાગેથી ખોલી હતી અનું તુરંત ભાગીને અહિ પાછો આવ્યો છું. તેમ દિકરા આશિષે કહેતાં અમે બંને ફરી અમારા મકાને ગયા હતાં. જ્યાં મારા પત્નિના ગળા, દાઢી પર તિક્ષ્ણ હથીયારના ઘા દેખાયા હતાં. ૧૦૮ બોલાવી હતી. પણ તેના ડોક્ટરે તેણીને મૃત જાહેર કરી હતી. કોઇએ પણ ઘરમાં પ્રવેશી મારા પત્નિની હત્યા કરી હતી. તેમ વધુમાં કિશોરભાઇએ જણાવ્યું હતું. પીઆઇ કે. કે. ગોહિલ, પીએસઆઇ એસ. એન. સ્યોરા, ડી. સ્ટાફ ટીમ, ડીસીબી પીઆઇ એમ. એલ. ડામોર અને તેમની ટીમ તેમજ એલસીબી પીએસઆઇ એસ. વી. ચુડાસમા અને ટીમ અલગ અલગ દિશામાં તપાસ યથાવત રાખી છે. હાલ તો ગીતા વાજાના મર્ડર કેસમાં પોલીસની ટીમો ગોટે ચડી છે. પણ ભેદ ચોક્કસ ઉકેલાઇ જશે તેવી પોલીસને આશા છે.

---

### પુત્રએ પરત આવી માતા સાથે મળી પિતા પર લાકડીથી હુમલો કર્યો

# પત્ની અને પુત્રએ આધેડને ધોકાવી ઘરમાંથી કાઢી મૂક્યા

## મર્ડર કરી નાખવાની ધમકી આપતાં આજીડેમ પોલીસ નોંધાયો ગુનો

રાજકોટ, તા.૧૮

રાજકોટ શહેરના કોઠારીયા ગામ વિસ્તારમાં આવેલી જીવનકિરણ સોસાયટીમાં રહેતા અને કડીયાકામ કરતા ૪૭ વર્ષીય કેશવભાઇ મેણંદભાઇ પરમારે પોતાના જ સગા પુત્ર અને પત્ની સામે આજીડેમ પોલીસ મથકમાં ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી છે.

ગત તા. ૦૨/૦૯/૨૦૨૬ના રોજ રાત્રે પુત્ર જયદીપે પિતા પાસે પૈસા માંગ્યા હતા અને પિતાએ પૈસા ન હોવાનું કહેતા તેણે ગાળો આપી હતી. ત્યારબાદ કેશવભાઈએ મુથુટ ફાઈનાન્સમાંથી વીંટી ગીરવે મૂકી પૈસા લીધા હતા, જેના પર પુત્ર જયદીપે ૩ તારીખે ટોપ-ઓફ લોન કરાવી લીધી હતી અને રાજસ્થાન ફરવા જતો રહ્યો હતો. તા. ૦૫/૦૯/૨૦૨૬ના રોજ તે પરત ફર્યો ત્યારે તેણે પિતા સાથે બોલાચાલી શરૂ કરી હતી, અને પત્ની ભાવનાબેને પણ પુત્રનો સાથ આપી કેશવભાઈને ઢીકાપાટુનો માર માર્યો હતો. આટલું જ નહીં, બંનેએ લાકડી વડે વારાફરતી હુમલો કરી કેશવભાઈને ડાબા પગના સાથળ, વાંસા અને માથાના ભાગે મૂઢ ઈજાઓ પહોંચાડીને ઘરમાંથી કાઢી મૂક્યા હતા.

આ ઘટના બાદ કેશવભાઈ ડરના માર્યા કેશોદ જતા રહ્યા હતા. થોડા દિવસો બાદ તા. ૧૪ અને ૧૭ સપ્ટેમ્બરના રોજ જ્યારે તેમણે ઘરે આવવા માટે ફોન કર્યો ત્યારે પત્નીએ 'ઘરે આવતો નહીં બાકી તારા ટાંટીયા ભાંગી નાખીશું અને જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી હતી. ડરના કારણે તેઓ શાપર ખાતે પોતાની કારમાં જ સૂઈ ગયા હતા અને અંતે તા. ૧૮/૦૯/૨૦૨૬ના રોજ પુત્રએ પણ મર્ડર કરી નાખવાની ધમકી આપતા આખરે કંટાળીને કેશવભાઈએ પોતે મરી જશે તેવો વિડીયો પત્નીને મોકલીને આજીડેમ પોલીસ મથકમાં પત્ની ભાવનાબેન અને પુત્ર જયદીપ વિરુદ્ધ બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે.

---

### શહેર એસઓજીએ બાતમીને આધારે દરોડો પાડ્યો : કેવડાવાડીમાં પોણા ત્રણ લાખનો મુદ્દામાલ કબ્જે

# શુધ્ધ ઘીના નામે ભેળસેળીયુ ધાબડવાનો પર્દાફાશ

## વોલ્ગા ઘી ડેપોમાં દરોડોઃ સોયાબીન ઓઇલ, ડાલડા ઘી, દુધ બનાવટનું ઘી ભેળવી અલગ અલગ નામોના પેકીંગ કરી વેંચાણ કરાતું હતુંઃ મનપાને બોલાવી નમુના લેવડાવવામાં આવ્યા

રાજકોટ તા. ૧૮

થોડા સમય પહેલા શહેર એસઓજીએ નકલી તમાકુનું ઉત્પાદન કરતાં કારખાનાનો પર્દાફાશ કર્યો હતો. લાતી પ્લોટમાં દરોડો પાડી તેની કાર્યવાહી થઇ હતી. દરમિયાન હવે કેવડાવાડીમાં એક દૂકાનમાં વોલ્ગા ઘી ડેપોના નામે શંકાસ્પદ ઘીનું ઉત્પાદન કરી વેંચાણ કરવામાં આવતુ હોઇ આ કારસ્તાનો એસઓજીએ પર્દાફાશ કરી શંકાસ્પદ ઘીનો જથ્થો કબ્જે કરી સેમ્પલ લેવડાવ્યા છે. આ ઘી રૂા. ૪૦૦ના કિલો લેખે વેંચવામાં આવતું હતું. સોયાબીન ઓઇલ, વનસ્પતિ ઘી અને દુધની બનાવટનું ઘી મિક્સ કરીને ભેળસેળવાળુ ઘી શુધ્ધ ઘીના નામે રૂા. ૪૦૦નું કિલો લેખે વેંચાતુ હોવાનું ખુલ્યું હતું.

શહેર વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ હતી. આ સૂચના અન્વયે એસઓજી રાજકોટ શહેરની ટીમે કેવડાવાડી વિસ્તારમાં સફળ દરોડો પાડી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા બનાવટી ઘીના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ કામગીરી અંતર્ગત એસ.ઓ.જી. પોલીસ ઇન્સપેકટર એન. બી.ચૌધરી સાહેબની રાહબરી હેઠળ એસ. ઓ.જી. શાખાના પો.સબ.ઇન્સપેક્ટર એમ. વી.જાડેજા તથા તેમની ટીમ રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન એસ. ઓ.જી. શાખાના પો.હેડ.કોન્સ. યોગરાજસિંહ છનુભા તથા પો.કોન્સ. અનોપસિંહ પ્રવિણસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી.

આ ચોક્કસ હકીકત એવી હતી કે, કેવડાવાડી મેઇન રોડ બોમ્બે આયર્ન પાસે આવેલી વોલ્ગા ઘી ડેપો નામની દુકાનમાં તેના માલિક કેવલભાઇ જયપ્રકાશભાઇ ચંદ્રારાણી (રહે. જગન્નાથ શેરી નં.૩, અમી સંસ્કૃતિ એપાર્ટમેન્ટ, લેટ નં.૧૦૩, રાજકોટ) દ્વારા સોયાબીન ઓઇલ તથા વનસ્પતિ ઘી તથા દૂધની બનાવટનું ઘી મિક્સ કરી ભેળસેળવાળું ઘી બનાવી અલગ અલગ ડબ્બાઓમાં પેક કરી ગ્રાહકોને વેચાણ કરવામાં આવે છે. આ હકીકત આધારે પોલીસે તુરંત જ કેવડાવાડી ખાતે આવેલી વોલ્ગા ઘી ડેપોમાં દરોડો પાડી તપાસ હાથ ધરી હતી. દરોડા દરમિયાન દુકાનમાંથી ગીર ગાયનું ઘી, માખણનું ઘી, જામ ખંભાળીયાનું ભેંસનું વલોણાનું શુદ્ધ ઘી, ગૌશાળાનું શુદ્ધ દેશી ગાયનુ ઘી તથા કામધેનુ પ્રીમિયમ ઘી લખેલા વિવિધ માપના ટીન, ડબ્બા, પ્લાસ્ટિકની બરણીઓ અને કાચની બોટલો મળી આવી હતી. આ ઉપરાંત વનસ્પતિજન્ય શંકાસ્પદ ઘી ભરેલા પતરાના શીલપેક ડબ્બા, સોયાબીન ઓઇલ મિક્સ કરેલ શંકાસ્પદ ઘીનો જથ્થો, કાચની ખાલી બોટલો,









કેમિકલ અને પેકિંગ માટે વપરાતી પ્લાસ્ટિકની દોરીઓ પણ કબ્જે કરવામાં આવી હતી.

વધુ માહિતી અનુસાર આ ઘી તૈયાર કરવા અને તેનું આકર્ષક પેકિંગ કરવા માટે વપરાતી વિવિધ સામગ્રી પણ જપ્ત કરવામાં આવી હતી. જેમાં ડબ્બાના ઢાંકણા શીલ કરવાનું મશીન, ઓયલિંગ પંપ, તવીથો, હથોડી, પકડ, ડીસમિસ, ઘી ગાળવાની ગરણીઓ, સ્ટીલનો મોટો ડોયો, ઇન્ડિયન કંપનીનો પાંચ કિલોનો ગેસનો બાટલો, ચુલો, લાઇટર તથા ગોલ્ડ સન કંપનીનો ૩૦ કીલોની ક્ષમતાવાળો વજન કાંટો મળી આવ્યો હતો. આ સિવાય ગ્રાહકોને ભ્રમિત કરવા માટ જામ ખંભાળીયાનું શુદ્ધ ભેંસનું વલોણાનું ઘીં, ગૌશાળાનું શુદ્ધ દેશી ગાયનું ઘીં અને હોમમેડ કાઉ ઘીં જેવા લખાણવાળા ૨૫૦થી વધુ ના નાના-મોટા રંગીન સ્ટીકરો પણ કબ્જે કરાયા હતા. પોલીસે સ્થળ પરથી ફુડ એન્ડ ડ્રગ્સ લાઇસન્સ (રજી.નં. ૦૨૦૭૨૧૦૩૦૦૦૧૪૪૯) સાથે કુલ રૂ. ૨,૮૩,૯૭૬ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દરોડા બાદ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફુડ સેટી ઓફિસર કે.એમ.રાઠોડને સ્થળ ઉપર બોલાવી શંકાસ્પદ ઘીના સેમ્પલો લેવડાવી કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી હતી.

દરોડાની આ કામગીરી એસ.ઓ.જી. શાખાના પોલીસ ઇન્સપેક્ટર એન.બી.ચૌધરી, પોલીસ સબ ઇન્સપેક્ટર એમ.વી.જાડેજા, એ.એસ.આઇ. વિરેન્દ્રસિંહ ઝાલા, પો.હેડ. કોન્સ. હરદેવસિંહ દિલુભા, પો.હેડ. કોન્સ. યોગરાજસિંહ છનુભા, પો.હેડ. કોન્સ. ધર્મેન્દ્રસિંહ હરિશ્ચંદ્રસિંહ, પો. કોન્સ. અનોપસિંહ પ્રવિણસિંહ, પો.કોન્સ. મહાવીરસિંહ દશરથસિંહ તથા પો.કોન્સ. રોહિતસિંહ કનકસિંહ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી. ઘીની સપ્લાય ક્યાં ક્યાં થતી હતી? તે સહિતની તપાસ થઇ રહી છે. રૂા. ચોરસોનું કિલો લેખે શુધ્ધ ઘીના નામે આ ઘી વેંચાતુ હતું.

---

### શહેર જીલ્લામાં જુગાર રસિકો હજુ થાકતા જ નથીઃ દારૂના પણ ઠેકઠેકાણે દરોડા

# ચાર સ્થળે દરોડામાં ૨૭ પત્તાપ્રેમીઓ ઝડપાયા

## ગોકુલનગર આવાસ યોજનાના કવાર્ટરમાં બ્લોક નં. સી પાસે જુગાર રમતા ચારને થોરાળા પોલીસે ઝડપી લીધા : બીજી તરફ દારૂના પણ પાંચ દરોડા : ડોસાબાપા, વેપારી પણ ચડી ગયા ઝપટે

રાજકોટ તા. ૧૮

શ્રાવણ પુરો થઇ ગયો પરંતુ પત્તાપ્રેમીઓ હજુ થાક્યા નથી. રાજકોટ શહેર, જીલ્લામાં જૂગારની મોસમ હજુ પણ ખીલેલી રહી છે. રાજકોટમાં એક સ્થળે ક્વાર્ટરમાં જૂગાર રમતાં ચાર પકડાઇ ગયા હતા. તો રાજકોટ જીલ્લામાં જૂગારના ત્રણ દરોડામાં ત્રેવીસ પત્તાપ્રેમીઓ પોલીસની ઝપટમાં આવી ગયા હતાં. બીજી તરફ રાજકોટમાં દારૂના પાંચ દરોડામં અલગ અલગ શખસો પકડાયા હતાં. જેમાં વૃધ્ધ અને વેપારી પણ ઝપટે ચડી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો સંત કબીર રોડ પર ગોકુલનગર આવાસ યોજનાના કવાર્ટરમાં બ્લોક નં. સી પાસે જુગાર રમતા ચારને થોરાળા પોલીસે ઝડપી લીધા હતા. સંત કબીર રોડ પર ગોકુલનગર આવાસ કવાર્ટરમાં બ્લોક નં. સી પાસે જુગાર રમાતો હોવાની બાતમીના આધારે થોરાળા પોલીસના હેડ કોન્સ્ટેબલ એચ.જે.નિનામા, કિશોરભાઇ પરમાર સહિતના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા કેતન ઉર્ફે ચેતન સુશીલભાઇ અગ્રાવત રહે. ગોકુલનગર આવાસ, રવી ઉર્ફે લેંગીયો કાળુભાઇ રામાવત રહે. નરસંગપરા મફતીયાપરા, જુની કલેકટર કચેરી પાછળ, ધાર્મિક ઉર્ફે કાળુ દલપતભાઇ ગરીયા રહે. સાગરનગર શેરી નં. ૫, માર્કેટીંગ યાર્ડ પાસે, અને નારાયણ ઉર્ફે નાયલા ગોવિંદભાઇ મકવાણા રહે. શ્રીરામ સોસાયટી, આરટીઓ પાછળને પકડી રૂા. ૧૩,૬૫૦ની રોકડ કબ્જે કરી હતી.

બીજી તરફ જીલ્લામાં પડેલા જૂગારના દરોડાની વિગતો જોઇએ તો રાજકોટ જિલ્લામાં જુગારનું દુષણ વકર્યુ છે. વધુ ત્રણ સ્થળે દરોડા પાડી પોલીસે જુગાર રમતા ૨૩ને પકડી લીધા હતા. જેમાં કોટડાસાંગાણી પોલીસે વાદીપરા ગામની સીમમાં અને ભાયાવદર પોલીસે ભાયાવદરમાં ફુલવાળી શેરીમાં બે મકાનમાં દરોડા પાડી કાર્યવાહી કરી હતી. કોટડાસાંગાણી પોલીસ વાદીપરગામની સીમમાં જુગારરમતા પ્રેમજી સવશીભાઇ જોભાણી કુંરજીભાઇ સાકરીયા, કુરજી સવાભાઇ જાબુંકીયા, મનુ ભીમજીભાઇ ચૌહાણ અને જીતુ પોપટભાઇ ગાબુ રહે બધા વાદીપરા)ને રૂા. ૨૪૧૯૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

જ્યારે ભાયાવદર પોલીસે ભાયાવદમાં ઉમામીલ પાસે જુગારરમતા અશોક ભગવાનજીભાઇ કાથરોટીયા, ( રહે, ભાયાવદર,), ચીરાગ રમેશભાઇ ચાવડા (, રહે. ભાયાવદર, રંગોલી પાન પાસે, સુનીલ અરજણભાઇ, કૃષ્ણનગર સોસાયટી, દીપક હરજીભાઇ ધુડશીયા, ( રહે. મોટી વાવડી તા. ધોરાજી, રાજેશ રૂડાભાઇ મારસોણીયા (રહે.



ભાયાવદર, ખીજડાશેરી અને દિનેશ વલ્લભભાઇ વાસાણી ( રહે.કૃષ્ણનગર મેઇન રોડ, ભાયાવદર)ને રૂા.૨૩,૨૫૦ની રોકડ સહિત કુલ રૂા.૫૦,૨૫૦ના મુદામાલ સાથે પકડી લીધા હતા.

તેમજ ત્રીજા દરોડામાં ભાયાવદર પોલીસે ભાયાવદરમાં ફુલવાડીશેરીમાં મકાનમાં જુગાર રમતા પરેશ કરશનભાઇ ચૌહાણ (ઉ.વ.૨૯ રહે. ભાયાવદર, ફુલવાડી), યુવરાજ હરસુખભાઇ કટારીયા (ઉ.વ.૧૮ રહે.ભાયાવદર, ફુલવાડી શેરી), ભરત કરશનભાઇ ચૌહાણ (ઉ.વ.૨૨ રહે. ભાયાવદર, ફુલવાડી), હરેશ હીરાભાઇ પરમાર (ઉ.વ.૨૯ રહે.હરીયાસણ તા.જામકંડોરણા), સંજય કનુભાઇ રાઠોડ (ઉ.વ.૩૧ રહે.ભાયાવદર ફુલવાડી વિસ્તાર), પાર્થ ભરતભાઇ પરમાર (ઉ.વ.૧૮ રહે.જામજોધપુર, આંબેડકરનગર), હેમંત કેશુભાઇ રાઠોડ (ઉ.વ.૩૬, રહે.ભાયાવદર, તા.ઉપલેટા), પ્રવીણ વીનોદભાઇ સોલંકી રહે. મોટા ગુંદાળા, તા.જેતપુર), કાનજી અમૃતભાઇ ડાભી (રહે.મોટા ગુંદાળા, તા.જેતપુર), મુકેશ મનસુખભાઇ પરમાર (રહે.જુનાગઢ, બીલખા રોડ, આંબેડકરનગર), રૂત્વીક હરીભાઇ બગડા રહે. ચીખલીયા તા.ઉપલેટા) અન પીન્ટુ કુરજીભાઇ મકવાણા (રહે.ગોલાધાર ગામ, તા.જી. જુનાગઢ)ને રૂા.૨૬ હજારની રોકડ, ૧૨ ફોન સહિત કુલરૂા. ૨.૧૮ લાખના મુદામાલ સાથે પકડી લીધા હતાં.

બીજી તરફ રાજકોટ શહેરમાં દારૂના દરોડાની વિગતો જોઇએ તો આર.ટી.ઓ. કચેરી પાછળ નરસિંહનગર સોસાયટીમાં મફતીયાપરામાં મકાનમાં દરોડો પાડી બી-ડીવીઝન પોલીસે દોઢ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે એકને ઝડપી લઇ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી. બી-ડીવીઝનના પીએસઆઇ એચ.એન. જેઠવા, હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઇ કોડીયાતર સહિતના સ્ટાફે બાતમીના આધારે નરસિંહનગર સોસાયટીમાં મફતીયાપરામાં રહેતા આકાશ જગશીભાઇ પરમારના મકાનમાં દરોડો પાડયો હતો. તપાસ કરતાં ત્યાંથી અલગ અલગ વિદેશી દારૂના રૂા. ૧.૫૮ ચપલા મળી આવતા કબ્જે કરી તેની સામે ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

બીજા દરોડામાં નાના મવા મેઇન રોડ પર નેહરૂનગરમાં રહેતા ભાવીન બહાદુરસિંહ દેવડાના મકાનમાં એલ.સી.બી. ઝોન-૨ નાં હેડકોન્સ. શકિતસિંહ ગોહીલ, ધર્મરાજસિંહ ઝાલા સહિતના સ્ટાફે દરોડો પાડી તેને રૂા. ૨૩ હજારની દારૂની ૨૧ બોટલ સાથે પકડી ફરાર નીરજ બહાદુરસિંહ દેવડાની શોધખોળ શરૂ કરી છે.

ત્રીજા દરોડામાં બી ડીવીઝન પોલીસનાં હેડ કો. એન. પી. ચાવડા, સહિતના સ્ટાફે ભગવતીપરામાં ખોડીયાપરામાં રહેતા સોનલબેન પરેશભાઇ સોલંકીના મકાનમાંથી રૂા. ૧૫૦૦ ના દારૂના ચપલા સાથે તેને પકડી લઇ કાર્યવાહી કરી હતી. ચોથા દરોડામાં થોરાળા પોલીસનાં હેડ કો. હિતેષભાઇ પરમાર, વિક્રમભાઇ લોખીલ સહિતના સ્ટાફે ચુનારાવાડમાં રહેતા રમાબેન નાનજીભાઇ પરમારના મકાનમાંથી રૂા. ૩૬૦ ના દારૂના બે ચપલા સાથે તેને પકડી લઇ કાર્યવાહી કરી હતી.

તેમજ પાંચમાં દરોડામાં માલવીયાનગર પોલીસનાં હેડ કો. એન. બી. બારૈયા, કો. રણજીતભાઇ પઢારીયા સહિતના સ્ટાફે ૧૫૦ ફુટ રીંગ રોડ પર ઉમીયા ચોક પાસે આવેલ બાલાજી સેન્ડવીચ નામની દુકાનમાંથી ઇશાન કિશોરભાઇ કડવાણી રહે. તુલસી એપાર્ટમેન્ટ, કાલાવડ રોડને દારૂની એક બોટલ સાથે ઝડપી લીધો હતો. આમ દારૂના દરોડામાં વધુ પાંચ ઝપટે ચડ્યા હતાં.

### અલગ અલગ ચાર અપમૃત્યુની ઘટનાઓમાં પરિવારોએ ગુમાવ્યા સ્વજનો

# ડમ્પર-ઢોરને કારણે યુવાન, ખેડૂતના મોત

## માલિયાસણ પાસે ડમ્પરે ટુવ્હીલરને ઠોકરે લેતાં રાજકોટના યુવાનનું માથું છુંદાઇ જતાં મૃત્યુઃ પડધરી પાસે રોડ પર ઢોર આવી જતાં ટુવ્હીલર સ્લીપ થતાં ખેડૂતનું મૃત્યુઃ એક વૃધ્ધે જિંદગીથી કંટાળી ગળાફાંસો ખાઇ જીવ આપ્યોઃ એક યુવાનનું બેભાન હાલતમાં મૃત્યુ

રાજકોટ, તા. ૧૮

જીવલેણ વાહન અકસ્માતના બનાવો હાલમાં વધી ગયા છે. વધુ એક આવા કિસ્સામાં એક પરિવારે આધારસ્તંભ દિકરો ગુમાવ્યો હતો. કુવાડવા નજીક માલિયાસણ પાસે ડમ્પરની ઠોકરે એકટીવા ચડી જતાં તેના ચાલક રાજકોટ ચુનારાવાડમાં રહેતાં ભરવાડ પરિવારના ત્રીસ વર્ષના યુવાનનું માથું છુંદાઇ જતાં મૃત્યુ થયું હતું. તે મિત્રની રિક્ષા કુવાડવા નજીક બંધ પડી હોઇ તેને મદદ કરવા જતો હતો ત્યારે કાળ ભેટી ગયો હતો. અન્ય આવા બનાવમાં રસ્તા પર ઢોર આડે આવી જતાં હોન્ડાચાલક ખેડુત ફંગોળાઇ જતાં મૃત્યુ થયું હતું. ત્રીજી ઘટનામાં એક વૃધ્ધે ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દીધી હતી.

વિગતો પર નજર કરીએ તો કુવાડવા નજીક માલિયાસણ પાસે ડમ્પરની ઠોકરે એકટીવા ચડી જતાં એક્ટીવા ચાલક રાજકોટના ચુનારાવાડના યુવાનનું માથામાં ગંભીર ઇજા થતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયું છે. મિત્રની રિક્ષા કુવાડવા પાસે બંધ પડી હોઇ આ યુવાન સહિત બીજા બે મળી ત્રણ મિત્રો અલગ અલગ વાહનમાં કુવાડવા મિત્રને મદદ કરવા જઇ રહ્યા હતાં ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. વધુ માહિતી અનુસાર ચુનારાવાડ શેરી નં. ૭માં રહેતો મહેશભાઇ લક્ષ્મણભાઇ બોળીયા નામનો ત્રીસ વર્ષનો ભરવાડ પરિવારનો યુવાન રાતે સાડા દસેક વાગ્યે એકટીવા હંકારીને રાજકોટથી કુવાડવા તરફ જતો હતો ત્યારે માલિયાસણ પાસે પહોંચતા એક ડમ્પર નં. જીજે૦૩બીવાય-૭૩૭૦ની ઠોકરે ચડી જતાં ફંગોળાયા બાદ ડમ્પરની વચ્ચે આવી ગયો હતો.

આ અકસમાતમાં તેના માથા પર જોટો ફરી વળતાં માથાનો છૂંદો બોલી ગયો હતો અને તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત થયું હતું. આ અકસ્માતના બનાવને પગલે લોકોના ટોળા એકઠા થઇ ગયા હતાં. પોલીસને જાણ થતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના એન. એમ. શીરોડીયા સહિતે પહોંચી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર યુવાનની ઓળખ અન્ય વાહનમાં પાછળ રહેલા તેના મિત્રોએ કરી હતી. મૃત્યુ પામનાર મહેશભાઇ રાજકોટ ચુનારાવાડમાં રહેતો હતો





અને કારખાનામાં મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તે એક બહેન અને ચાર ભાઇમાં બીજો હતો. સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. જેણે પિતાનું છત્ર ગુમાવ્યું છે. સગાના કહેવા મુજબ મહેશભાઇના એક મિત્રની રિક્ષા કુવાડવા પાસે બંધ પડી ગઇ હતી. મિત્રનો ફોન આવતાં મહેશભાઇ તેને મદદ કરવા એક્ટીવા લઇ રવાના થયા હતાં. બીજા બે મિત્રો અન્ય એક વાહન પર હતાં. આ વખતે માલિયાસણ પાસે ડમ્પરની ઠોકર લાગતાં મહેશભાઇનું મૃત્યુ થયું હતું. પોલીસે ડમ્પર ચાલક સામે કાર્યવાહી કરી હતી.

બીજા બનાવની માહિતી જોઇએ તો પડધરીના સરપદડ નજીક રસ્તા પર ઢોર આડે આવતાં વાહન સ્લીપ થઇ જતાં પડધરીના રાદડ ગામે રહેતાં ખેડુતનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું હતું. રાદડ ગામે રહેતાં મફતસિંહ ગગુભા જાડેજા નામના ઓગણપચાસ વર્ષના પ્રૌઢ પરમ દિવસે સાંજે આઠેક વાગ્યે પોતાનું ટુવ્હીલર લઇને સરપદડ ગામે કોઇ કામ માટે ગયા હતાં. ત્યાંથી પરત ઘરે આવતી વખતે રસ્તામાં ઢોર આવી જતાં વાહન સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થઇ હતી.

તેમને સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ ગત રાતે મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પડધરી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર પ્રૌઢ પાંચ બહેનના એકના એક ભાઇ હતાં અને તેઓ ચોથા નંબરે હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

ત્રીજી ઘટના જોઇએ તો માળીયા મિંયાણા તાબેના ખાખરેચી ગામમાં રહેતાં વૃધ્ધે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. ખાખરેચીમાં રહેતાં સવજીભાઇ નાનજીભાઇ પરમાર નામના સિત્તેર વર્ષના વૃધ્ધે ગત પાંચમીએ ઘરે કપડા સુકવવાની દોરીથી ગળાફાંસો ખાઇ લેતાં જેતપર ગામ, મોરબી સારવાર અપાવી રાજકોટ ખસેડાયા હતાં. અહિ ગત રાતે મૃત્યુ થતાં હોસ્પિટલ મારફત જાણ થતાં માળીયા મિંયાણા પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારા સવજીભાઇ હાલ નિવૃત જીવન જીવતાં હતાં. તેઓ ચાર બહેન અને બે ભાઇમાં ત્રીજા નંબરે હતાં. તેમને સંતાનમાં ત્રણ દિકરા અને ત્રણ દિકરી છે. જિંદગીથી કંટાળી જતાં આ પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું.

ચોથા બનાવમાં હરિ ધવા રોડ પુરૂષાર્થ સોસાયટી-૬માં રહેતાં પિયુષભાઇ કિશોરભાઇ પાદરીયા નામના ચાલીસ વર્ષના યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેઓ એક બહેનથી નાના અને અપરિણીત હતાં અને પાનની દુકાન ચલાવતાં હતાં. તેમને કેન્સરની બિમારી હતી. પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી. આમ ચાર ઘટનાઓમાં અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં.



# સાધુ વાસવાણી રોડ ક્વાર્ટરમાં આગ : મહિલા દાઝી ગયા

## ફાયર બ્રિગેડને જાણ થતાં ફાયર ફાઇટરે પહોંચી

રાજકોટ તા. ૧૮

શહેરના સાધુ વાસવાણી રોડ પર નટરાજનગર પાસે આવાસ ક્વાર્ટરમાં ગેસ લિકેજથી રસોડામાં આગ લાગતાં મહિલા દાઝી જતાં સારવાર માટે દાખલ કરાયા હતાં. વિગતો અનુસાર નટરાજનગર પાસે આવાસ યોજના ક્વાર્ટરમાં ચોથા માળે રહેતાં વિલાસબેન મગનભાઇ મકવાણા નામના ઓગણ પચાસ વર્ષના મહિલા બપોરે ઘરે રસોઇ બનાવી રહ્યા હતાં ત્યારે ગેસની નળી લિક થતાં ભડકો થતાં દાઝી ગયા હતાં. દેકારો મચાવતાં પાડોશીઓએ ભેગા થઇ પાણીનો મારો ચલાવી વિલાસબનને બચાવ્યા હતાં.

ફાયર બ્રિગેડને જાણ થતાં ફાયર ફાઇટરે પહોંચી આગ કાબુમાં લીધી હતી. ૧૦૮ મારફત વિલાસબેનને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં યુનિવર્સિટી પોલીસને જાણ કરાઇ હતી. રમાબેનને સંતાનમાં એક દિકરો અને ત્રણ દિકરી છે. પતિ સફાઇ કામદાર તરીકે કામ કરે છે. આગને કારણે રસોડામાં થોડુ નુકસાન થયું હતું.

### ઓનલાઇન ઓફલાઇન ગઠીયાગીરી વચ્ચે ક્યારેક જાણીતા કરી જાય ઘા

# વિદેશમાં નોકરીના નામે મિત્ર છેતરાયો

## વિઝા પ્રક્રિયા કરાવી આપવાના નામે લાખો ઉસેડી લીધાઃ બીજા બનાવમાં ફેક્ટરી સંચાલકને ટ્રાફિકનો ઇ-મેમો આવ્યો ફાઇલ ઇન્સ્ટોલ થઇ અને ખાતામાંથી થઇ ગયા અઢી લાખ ગાયબ

રાજકોટ તા. ૧૮

છેતરપીંડીના કિસ્સાઓમાં ઓનલાઇન ઓફલાઇન ગઠીયાઓ ખેલ ખેલતા જ રહે છે. ઘણીવાર જાણીતા જ ઘા કરી જતાં હોય છે. એક બનાવમાં દોસ્ત દોસ્ત ના રહા જેવા કિસ્સામાં એક યુવાનને યુએસમાં નોકરી અપાવી દેવાના નામે તેનો મિત્ર છેતરીને ત્રણ લાખ ઉસેડી ગયો હતો. વિઝા પ્રકીયા કરાવી આપવાનું તેણે વચન આપી આ રકમ મેળવી લીધી હતી. બાદમાં ગાયબ થઇ ગયો હતો. બીજી તરફ ટ્રાફિક ચલણના ઇ-મમોનો ફેક મેસેજ મોકલી ફેક્ટરી સંચાલકના ખાતામાંથી અઢી લાખ ઉપાડી લેવાયા હતા.

પ્રથમ કિસ્સા પર નજર કરીએ તો વડોદરામાં યુએસમાં નોકરી અપાવવાના બહાને એક યુવક સાથે બે લાખ નેવુ હજારની છેતરપિંડી થઈ હતી. મકરપુરાના બ્રેન્ડન કૈરાણાને તેના મિત્ર અમોલ ચોખાલેએ વિઝા પ્રક્રિયા કરાવી આપવાનું વચન આપ્યું હતું. વડોદરાની હોટલમાં મુલાકાત દરમિયાન બ્રેન્ડને વિદેશ જવાની ઈચ્છા વ્યક્ત કરતાં, અમોલે તેની યુએસ સ્થિત કંપની દ્વારા વિઝા અપાવવાની ખાતરી આપી. વિશ્વાસ રાખી પૈસા આપ્યા બાદ વિઝા ન મળતાં, સયાજીગંજ પોલીસે ફરિયાદ નોંધી હતી. યુએસમાં નોકરી અપાવવાના નામે વાત કરી તથા વિઝા પ્રક્રિયા કરાવી આપવાના બહાને એક યુવક પાસેથી ૨.૯૦ લાખ પડાવી લેનાર એજન્ટ




સામે પોલીસ ફરિયાદ નોંધાઇ હતી.

વધુ માહિતી અનુસાર મકરપુરાના રોયલ પેરેડાઇઝ ખાતે રહેતા બ્રેન્ડન કૈરાણાએ પોલીસને કહ્યું છે કે મારે યુએસ ખાતે નોકરી કરવાની ઇચ્છા હતી. મારો જૂનો મિત્ર અમોલ ચોખાલે વડોદરાની હોટલમાં આવ્યો હોવાથી મારે મુલાકાત થઇ હતી.મેં વિદેશ જવાની વાત કરતાં અમોલે કહ્યુ હતું કે મારી એક કંપની યુએસમાં ચાલે છે અને તારે જવું હોય તો વિઝા મંજૂર કરાવી આપીશ. યુવકે કહ્યું છે કેમે અમોલ પર વિશ્વાસ રાખીને ૨.૯૦ લાખ આપ્યા હતા અને તેણે સાત-આઠ મહિનામાં વિઝા આવી જશે તેમ કહ્યું હતું.પરંતુ ત્યારપછી વિઝા આવ્યા નથી કે રૂપિયા પણ પરત આપતો નથી.જેથી સયાજીગંજ પોલીસે ગુનો નોંધ્યો હતો.

બીજી છેતરપીંડી જોઇએ તો અમદાવાદના થલતેજમાં કેમિકલ ફેક્ટરી માલિક નિસર્ગભાઈ ચવાડિયા સાથે ૨.૩૬ લાખની સાયબર છેતરપિંડી થઈ છે. તેમને ફેક ટ્રાફિક મેમોના મેસેજમાં આપેલી લિંક પર ક્લિક કરતાં ફોન હેક થયો હતો. એ સાથે જ નેક્સટ એમપરિવહન નામની ફેક એપ ઇન્સ્ટોલ થતાં હેકરે ફોનનો કંટ્રોલ લઈ લીધો. આ પછી ૧૦ ટ્રાન્ઝેક્શન દ્વારા બેંક ખાતામાંથી ૨,૩૬,૯૯૭ ઉપાડી લીધા હતાં. અમદાવાદના થલતેજમાં રહેતા અને છત્રાલ ખાતે કેમિકલ ફેક્ટરી ચાલતા નિસર્ગભાઈ ચવાડિયા સાથે સાયબર ફ્રોડ થયો હતો. તેમના મોબાઈલમાં પરિવહન તરફથી ટ્રાફિક મેમોનો એક ટેક્સ્ટ મેસેજ આવ્યો હતો. આ મેસેજમાં આપેલી લિંક પર ક્લિક કરતા એક ફેક એપ્લિકેશન ડાઉનલોડ થઈ હતી. તેમણે આ એપ ઈન્સ્ટોલ કરી અને કોન્ટેક્ટ્સ, ગેલેરી અને એસએમએસ સહિતની બધી જ પરમિશન આપી દીધી હતી.

પણ એપમાં ગાડીની કોઈ વિગત ન દેખાતા તેમણે થોડીવારમાં જ એપ ડિલીટ કરી દીધી હતી. પણ હેકરે ફોનનો કંટ્રોલ અને બેંકની વિગતો લઈ લીધી હોવાથી તેમના ફોનમા ઓટીપી આવવાના શરૂ થઈ ગયા હતા. એ પછી તેમના મોબાઈલમાં એકસાથે દસ ડેબિટ ટ્રાન્ઝેક્શનના મેસેજ આવ્યા હતા. જે અંગે તપાસ કરતા જાણવા મળ્યું કે હેકરે તેમની કંપનીના બેંકના કરંટ એકાઉન્ટમાંથી રૂપિયા ૪૯,૯૯૯ અને તેમના બેંકના સેવિંગ એકાઉન્ટમાંથી રૂપિયા ૧,૮૬,૯૯૮ સહિત કુલ રૂપિયા ૨,૩૬,૯૯૭ ટ્રાન્સફર કરી લીધા હતા. આ ફ્રોડની જાણ થતાં જ તેમણે પોલીસ ફરિયાદ કરી હતી. આમ વધુ બે ઠગાઇ થઇ ગઇ હતી.

### દારૂના બૂટલગરો, સપ્લાયરોના અલગ અલગ કિમીયા પોલીસે નાકામ કર્યા

# કાર-ટ્રકમાંથી દારૂ-બીયરનો જથ્થો ઝડપાયો

## યુનિવર્સિટી પોલીસે રવિરત્ન પાર્કમાંથી રીઢા શખ્સને કારમાં દારૂના જથ્થા સાથે દબોચ્યોઃ સાયલાથી ભરી લાવ્યો હતોઃ ડીસીબીની ટીમે અમદાવાદ હાઇવે પર ટ્રકમાં દારૂ-બીયર સાથે શખ્સને પકડ્યોઃ પુનાથી માલ લાવ્યો હતો

રાજકોટ તા. ૧૮

શહેરમાં અલગ અલગ રીતે દારૂની હેરાફેરી કરનારા શખ્સોને રોજબરોજ પોલીસ પકડતી રહે છે. દારૂની હેરાફેરી ડામવાની ખાસ કામગીરી પીસીબીની ટીમો દ્વારા થતી રહે છે. જો કે અલગ અલગ પોલીસ સ્ટેશનો, ડીસીબી, એલસીબીની ટીમો પણ આવી કામગીરી કરે છે. આ વચ્ચે યુનિવર્સિટી પોલીસે પોણો લાખનો દારૂ ભરી સાયલાથી રાજકોટ આવેલા ગુરૂજીનગર ક્વાર્ટરના શખ્સને પકડી લીધો હતો. તો ડીસીબીની ટીમે પૂનાથી ટ્રકમાં ચોત્રીસ હજારનો દારૂ બીયર ભરીને આવી રહેલા ગોંડલના શખ્સને રાજકોટ અમદાવાદ હાઇવે પર દબોચી લીધો હતો.

સાધુ વાસવાણી રોડ પર ગુરૂજી નગર ક્વાર્ટરમાં રહેતો અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતો શખ્સ કારમાં પોણા લાખનો દારૂ ભરીને નીકળતાં રવિરત્ન પાર્કમાંથી તેને પકડી લેવાયો હતો. સાયલાના મામા નામના શખ્સ પાસેથી આ દારૂનો જથ્થો ભરી લાવ્યાનું તેણે રટણ કર્યુ હતું. યુનિવર્સિટી પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. ઇમરાનભાઇ ચુડાસમા, કોન્સ. તરૂણભાઇ રામાવતની બાતમી પરથી રવિરત્ન પાર્ક મેઇન રોડ પર સોમેશ્વર







મહાદેવ મંદિરવાળી શેરીમાં આરએમસીના બગીચા પાસેથી અર્ટીગા કાર જીજે૦૩એમઆર-૬૦૬૭માં દારૂનો જથ્થો ભરીને નીકળેલા સુનિલ ઉર્ફે ભોલો સંતોષભાઇ દુબે (ઉ.વ.૩૪-રહે. સાધુ વાસવાણી રોડ, ગુરૂજી નગર ક્વાર્ટર ગેઇટ નં. ૩૬, બ્લોક નં. ૬૩૩)ને પકડી લીધો હતો. પોલીસે કારમાંથી કુલ રૂા. ૭૬૭૫૨નો દારૂ કર્યો હતો.

દારૂ તેમજ કાર મળી કુલ રૂા. ૪,૭૪,૨૫૨નો મુદ્દામાલ કબ્જે કરી કારચાલક સુનિલ ઉર્ફે ભોલાની ધરપકડ કરી હતી. તેની પુછતાછ થતાં પોતે આ દારૂ સાયલાના પુનો ઉર્ફે મામા રબારી પાસેથી લઇ આવ્યાનું કબુલતાં તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી આર. એસ. બારીયાની રાહબરીમાં પીઆઇ કે. કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એન. વી. ચાવડા, હેડકોન્સ. ઇમરાનભાઇ ચુડાસમા, કોન્સ. કિરીટભાઇ રામાવત, તરૂણભાઇ નીમાવત, સંજયસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ ચુડાસમા સહિતે આ કામગીરી કરી હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ આરોપી સુનિલ ઉર્ફે ભોલો અગાઉ ડીસીબી, યુનિવર્સિટી, પ્ર.નગર, ગાંધીગ્રામ પોલીસમાં દારૂ, મારામારી, સહિતના ૧૦ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હતો. સપ્લાયર ઝડપાયા બાદ વધુ માહિતી બહાર આવશે.

બીજા દરોડાની વિગતો જોઇએ તો શહેર ક્રાઇમ બ્રાંચે રાજકોટ-અમદાવાદ હાઇવે પર બાતમીના આધારે વોચ રાખી દારૂનો જથ્થો ભરીને નીકળેલા ગોંડલના ગુંદાસરાના શખ્સને ટ્રક સાથે પકડી લઇ કાર્યવાહી કરી છે. પોતે આઇશર ટ્રકનો ફેરો કરવા પુના ગયો હોઇ ત્યાંથી વળતાં દારૂ-બીયરનો જથ્થો વેંચવા અને પીવા માટે લાવ્યાનું ખુલ્યું હતું. ટીમ દારૂ જૂગારની પ્રવૃતિ ડામવા પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ સમીરભાઇ શેખ, હેડકોન્સ. દિપકભાઇ ડાંગર અને મુકેશભાઇ સબાડને બાતમી મળી હતી કે ચોટીલા તરફથી રાજકોટ તરફ એક આઇર ટ્રક જીજે૦૩સીયુ-૬૨૯૪ આવી રહ્યો છે અને તેમાં દારૂ ભરેલો છે.

આ બાતમી પરથી રામદેવ આઇ હોટલ પાસે વોચ રાખી બાતમી મુજબના ટ્રકને આંતરી લીધો હતો. ટ્રકમાં તપાસ કરતાં રૂા. ૨૬૯૭૬ના બીયરના ૨૧૬ ટીન અને રૂા. ૭૨૦૦ના ૧૮૦ એમએલ વ્હીસ્કીના ૪૮ ચપલા મળી આવતાં ૩૪૧૭૬નો દારૂ-બીયર અને તથા ૨૦ લાખનો ટ્રક મળી કુલ રૂા. ૨૦,૩૪,૧૭૬નો મુદ્દામાલ કબ્જે કરી ટ્રક ચાલક ભાવેશ ઉર્ફે ધવલ ભીખુભાઇ ધામેલીયા (ઉ.વ.૩૨-રહે. ધર્મભક્તિ સોસાયટી-૨, બ્લોક નં. ૫ ગુંદાસરા ગોંડલ)ની ધરપકડ કરી હતી. ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, સી. એચ. દવેની રાહબરીમાં પીએસઆઇ વી. ડી. રાવલીયા, એએસઆઇ સમીરભાઇ શેખ, હેડકોન્સ. સાગરભાઇ માવદીયા, દીપકભાઇ ડાંગર, મુકેશભાઇ સબાડ, યજુર્વેદસિંહ જાડેજા, કોન્સ. જીલુભાઇ ગરચર, તૌફિકભાઇ જુણાચ, અશ્વીનભાઇ પંપાણીયા સહિતે આ કામગીરી કરી હતી. ભાવેશ ઉર્ફે ધવલ ઘરનું આઇશર ધરાવે છે. પોતે પુના ફેરો કરવા ગયો હોઇ ત્યાંથી આ દારૂ બીયર ભરી લાવ્યાનું રટણ કર્યુ હતું. આમ દારૂની વધુ બે હેરાફેરીનો પોલીસે પર્દાફાશ કર્યો હતો અને દારૂનીબોટલો, બીયરોની બોટલો પ્યાસીઓ સુધી પહોંચે એ પહેલા પોલીસ સુધી પહોંચી ગયો હતો.

રૂપિયા પૈસાની લાલચ ઘણીવાર માણસને ગુનેગાર બનાવી દે: એક હત્યાનો પર્દાફાશ

# ચોરી કરતાં પકડાયેલી મહિલાએ વૃધ્ધાને પતાવ્યા

## એકલા રહેતાં ચોર્યાસી વર્ષના વૃધ્ધાના મકાનમાં મહિલાને ભાડેથી રહેવુ હતું: આ ઘરમાં જ ચોરીનો પ્રયાસ કર્યો: વૃધ્ધાએ સામનો કરતાં દિકરાની નજર સામે હત્યા કરી ભાગી ગઇ: પોલીસે દબોચી લીધી

રાજકોટ, તા.,૧,૮

રાજ્યભરમાં રોજબરોજ નાની મોટી વાતે હત્યાઓ થઇ રહી છે. આ દરમિયાન વધુ એક વૃધ્ધાની ક્રુર હત્યા થઇ હતી. જેમાં આ વૃધ્ધાનું ઈસ્ત્રીના કેબલથી ગળુ દબાવી બાદમાં લોખંડની ઈસ્ત્રીના માથામાં ઘા મારી તેમને પતાવી દેવાયા હતાં. આ હત્યા મકાન જોવા માટે પોતાના દિકરા સાથે આવેલી મહિલાએ કરી હોવાનો પર્દાફાશ થયો છે. વૃધ્ધા ઘરમાં એકલા હોઇ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. માતાને આવુ કરતી જોઇ તેના પંદર વર્ષના પુત્રએ અટકાવી હતી અને બૂમાબૂમ કરી હતી. આથી ગભરાઇને તેણી લાખોનુ સોનુ પડતું મુકી ભાગી ગઇ હતી. વૃધ્ધાએ તેનો સામનો કરતાં તેમને મોતને ઘાટ ઉતારી દેવાયા હતાં. પોલીસે આ મર્ડર મિસ્ટ્રી ઉકેલી આરોપીની ધરપકડ કરી હતી.

વિગતો જોઇએ તો સુરતના નાનપુરા વિસ્તારમાં આવેલા મોનાલિસા એપાર્ટમેન્ટના લેટમાં એકલા રહેતા ચોર્યાસી વર્ષના વર્ષીય એમીબેન મોતીવાલાની હત્યાનો ભેદ ઉકેલાયો હતો. મહિલાએ ચોરીના ઈરાદે વૃદ્ધામાં ઘૂસી હત્યા કર્યાનો ખુલાસો થયો. આરોપી છાયા શાહ તેના પંદર વર્ષીય પુત્ર સાથે ભાડાનું મકાન જોવાના બહાને વૃદ્ધાના લેટમાં ઘૂસ્યા. લેટમાં ચોરીનો પ્રયાસ કરતા એમીબેને વિરોધ કરતા માથામાં ઈસ્ત્રીના ઘા ફટકાર્યા. ત્યારબાદ કેબલથી ગળેટૂંપો આપી હત્યા નિપજાવી હતી. પુત્રએ માતાને રોકવા બૂમાબૂમ કરતા આરોપી મહિલા સાત તોલા સોનું મૂકીને જ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગઈ. પોલીસે ગણતરીના દિવસોમાં જ તેની ધરપકડ કરી લીધી હતી.

વધુ માહિતી અનુસાર સુરતના નાનપુરા વિસ્તારન ટીએન્ડ ટીવી હાઈસ્કૂલ પાસે આવેલા મોનાલિસા એપાર્ટમેન્ટના છઠ્ઠા માળે લેટ નંબર ૧૬માં એમીબેન ઉર્ફે અમીનાબેન મોતીવાલા એકલા જ રહેતા. એમીબેનનો ફોન નો રિસિવ થતા નજીકમાં જ રહેતા તેમના બહેન લેટ પર તપાસ કરવા પહોંચ્યા તો ઘરમાંથી એમીબેનની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી. પોલીસે હત્યાનો ગુનો નોંધી અજાણ્યા હત્યારાની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ એપાર્ટમેન્ટમાં એકેય લોર પર સીસીટીવી જ ન હોય હત્યારાનું




પગેરૂં મેળવવું મુશ્કેલ બન્યું હતું. છાયા મોનાલિસા એપાર્ટમેન્ટમાં ભાડાનું મકાન જોવા માટે ગઈ હતી. ત્યારે બાજુના જ લેટમાં રહેતા એમીબેન મળ્યા હતા અને છાયાને બોલાવીને કહ્યું હતું કે, તેઓ અહીં એકલાજ રહે છે.

જો તેઓ જલદી આવી જાય તો તેમને પણ સથવારો મળી રહે. એકલતાની જાણ થતા જ છાયાએ જાણે ચોરી કરવાનો અને પૈસા પડાવવાનો પ્લાન બનાવી લીધો. છાયા પોતાના પંદર વર્ષના પુત્ર સાથે વૃદ્ધાના ઘરે પહોંચ્યી. એમીબેનને બે દિવસ પહેલા મકાન જોવા આવ્યા હોવાની ઓળખાણ આપી ઘરમાં પ્રવેશ મેળવ્યો. ઘરમાં ગયા બાદ થોડીવારમાં જ છાયાએ સીધી તિજોરી ખોલવાનો પ્રયાસ કર્યો. જેથી એમીબેને તેમને ટોક્યા હતા કે તિજોરી શું કામ ખોલો છો? ચોરી પકડાઈ જવાના ડરથી છાયાએ ઉશ્કેરાઈ ઘરમાં પડેલી ઈસ્ત્રી એમીબેનના માથામાં ઝીંકી દીધી હતી અને કેબલથી ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દીધા હતા.

માતાની આ હેવાનિયત જોઈને તેનો પંદર વર્ષનો દીકરો ગભરાઈ ગયો. તેણે બૂમો પાડીને માતાને અટકાવતા કહ્યું હતું કે મમ્મી આવું નહીં કરીશ, મમ્મી આવું નહીં કરીશ દીકરાની સતત બૂમાબૂમથી છાયા એટલી ગભરાઈ ગઈ કે તે વૃદ્ધાના શરીર પર રહેલા આશરે સાત તોલા સોનાના દાગીના લૂંટી શકી નહીં. તેણે એક પણ દાગીનાને હાથ અડાડ્યો નહીં. તે માત્ર ઘરમાં પડેલો એક મોબાઈલ ફોન અને થોડી રોકડ રકમ લઈને પોતાના દીકરાને ડરાવીને ત્યાંથી ફરાર થઈ ગઈ હતી. મૃતકના શરીર પર આશરે સાત તોલા સોનાના દાગીના અકબંધ હોવાથી શરૂઆતમાં પોલીસ માટે આ કેસ એક મોટો પડકાર બની ગયો હતો, કારણ કે લૂંટનો ઈરાદો સ્પષ્ટ થતો ન હતો.

આ કિસ્સામાં ૭૨ વર્ષીય દુરૈયાબેનની ફરિયાદ બાદ અઠવાલાઈન્સ પોલીસ મથકના સ્ટાફે આસપાસના આશરે ૩૦૦ જેટલા સીસીટીવી ફૂટેજ ચેક કર્યા અને એક શંકાસ્પદ મહિલાને રિક્ષામાં જતા ટ્રેક કરી હતી. તેના આધારે પોલીસની ટીમ નાનપુરા ખારવાવાડ ખાતે બહુમાળી ભવનની પાછળ આવેલા ઈન્દ્રનીલ એપાર્ટમેન્ટમાં રહેતી છાયા શાહના ઘર સુધી પહોંચી. પોલીસે તેમની અટકાયત કરી પૂછપરછ કરતા અને મોબાઈલ લોકેશનના આધારે તપાસ કરતા આરોપી પડી ભાંગી. તેણે અને તેના પંદર વર્ષના પુત્રએ પોલીસ સમક્ષ સમગ્ર ઘટનાની કબૂલાત કરી લીધી. આ મામલે એસીપી વિજય મલ્હોત્રાએ વિગત આપતા જણાવ્યું કે, પકડાયેલી ૩૫ વર્ષીય આરોપી છાયા શાહ મૂળ રાજકોટની વતની છે અને તેના પતિ વર્ષો પહેલા તેને છોડીને ચાલ્યા ગયા છે. હાલમાં તે સુરતમાં કેરટેકર તરીકે કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. આમ ચોરીની લાલચે મહિલાને હત્યારી બનાવી દીધી હતી.

ગામને છેતર્યા વગરનો એક પણ દિવસ જવા નથી દેતાં ગઠીયાઓ: વધુ બે કિસ્સા

# ક્રેડીટ કાર્ડ, લાઈટ બીલ અપડેટના નામે બે ફ્રોડ

## એકમાં વૃધ્ધને છેતરી નાણા ઉસેડી લેવાયા, બીજી ઘટનામાં વેપારીને છેતરી એપીકે ફાઈલ ઈન્સ્ટોલ કરાવી બેંક ખાતુ ખાલી કરી નાંખ્યું

રાજકોટ તા. ૧૮

સાયબર ગઠીયાઓ રોજબરોજ ગમે તેને છેતરી લેવામાં સફળ થઇ રહ્યા છે. વધુ બે આવી ઠગાઇ થઇ હતી. જેમાં એક કિસ્સામાં વૃધ્ધને ક્રેડીટ કાર્ડ અપડેટ કરવાના નામે છેતરી લેવાયા હતાં. તો બીજા બનાવમાં વેપારીના મોબાઇલમાં લાઇટ બીલ અપડેટના નામે ફાઇલ મોકલી નાણા ઉસેડી લેવાયા હતાં. આ બંને કિસ્સામાં ગઠીયાઓને અનુક્રમે એક લાખ અને એક લાખ અઠ્યાસી હજારનો ધનલાભ થયો હતો. છેતરપીંડીના બંને કિસ્સામાં સાબયર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો કલોલ તાલુકા વિસ્તારમાં એચડીએફસી ક્રેડિટ કાર્ડના નામે એક વૃધ્ધ સાથે સાયબર છેતરપિંડીથઇ હતી. આ મામલે અજાણ્યા શખ્સ વિરુદ્ધ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવતાં તપાસ શરૂ થઇ હતી. ફરિયાદ મુજબ ફરિયાદી રાકેશકુમાર અબુભાઈ પટેલનો અજાણ્યા વ્યક્તિએ મોબાઇલ ફોન મારફતે સંપર્ક કર્યો હતો. તેણે ફરિયાદીને જણાવ્યું હતું કે, તેમના નામે એચડીએફસી ક્રેડિટ કાર્ડ છે તે અપડેટ કરવું ખુબ જરૂરી છે. આથી વૃધ્ધે હા પાડી હતી. ત્યારબાદ મોબાઇલ નંબર પર ટેક્સ્ટ મેસેજ કરીને એક લિંક મોકલવામાં આવી હતી અને વીડિયો કોલ મારફતે જરૂરી પ્રક્રિયા કરવાનું કહેવામાં આવ્યું હતું.

આ પછી વૃધ્ધ અજાણ્યા શખ્સની વાત પર વિશ્વાસ કરી લિંક ખોલી વીડિયો કોલ કર્યો હતો.



આ દરમિયાન આરોપીએ ક્રેડિટ કાર્ડ સંબંધિત વિગતો મેળવવાની સાથે ફરિયાદીના મોબાઇલમાં વિવિધ -ક્રિયા કરાવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ત્યારબાદ ફરિયાદીના ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા એક લાખની રકમ એમેઝોન પે મારફતે ઉપાડી લેવાઈ હોવાનું સામે આવ્યું હતું. ઠગાઈની જાણ થતાં ફરિયાદીએ તાત્કાલિક પોતાનું ક્રેડિટ કાર્ડ બ્લોક કરાવ્યું હતુ અને સંબંધિત બેંકનો સંપર્ક કર્યો હતો. બાદમાં સાયબર છેતરપિંડી અંગે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બીજી આવી ઠગાઇ જોઇએ તો કલોલમાં જ આ ઠગાઇ થઇ હતી. જેમાં વીજળીનું બિલ અપડેટ કરવાના બહાને વેપારીને મોબાઇલ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી તેમના બેંક ખાતામાંથી રૂ.૧.૮૧ લાખની ઓનલાઈન છેતરપિંડી કરાયાની ફરિયાદ નોંધાઈ છે. આ અંગે કલોલ તાલુકા પોલીસ મથકે ફરિયાદ દાખલ થઇ હતી. કલોલ તાલુકાના સોલા ગામના રહેવાસી અને વેપારી નવનીચંદ્ર જયંતિલાલ પટેલે પોલીસને જણાવ્યું હતું કે તેઓ અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલા ગ્રીન લીફ હોટલ સામેના પેટ્રોલ પંપ નજીક હતા ત્યારે અજાણ્યા મોબાઇલ નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે વીજ કંપનીનો કર્મચારી હોવાનું જણાવી તેમના મોબાઇલમાં વીજળીના બિલ માટે બીલ અપડેટ ડોટ એપીકે નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી.

આ પછી ફરિયાદીનો વિશ્વાસ કેળવી અજાણ્યા શખ્સે તેમના બેંક ખાતા સંબંધિત માહિતી મેળવી હતી. ત્યારબાદ તેમના ખાતામાંથી બે વખત રૂ.૯૦,૮૦૦ની રકમ ઉપાડી લેવામાં આવી હતી. આ રીતે કુલ રૂ.૧,૮૧,૬૦૦ની રકમ ઉપડી જતા વેપારીને છેતરપિંડી થયાની જાણ થઈ હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ઓનલાઈન છેતરપિંડી કરવા માટે મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કર્યો હતો. કલોલ પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસે ઓનલાઈન ટ્રાન્ઝેક્શન અને મોબાઇલ નંબર સહિતની વિગતોના આધારે અજાણ્યા આરોપીને શોધવાની કાર્યવાહી શરૂ કરી હતી. આમ બંને કિસ્સામાં સાયબર ગઠીયાઓ વૃધ્ધ અને વેપારીને છેતરી ગયા હતાં. આ પ્રકારની ઠગાઇઓ રોજબરોજ થતી રહે છે. જેમાં આ વધુ બે ઘટના ઉમેરાઇ ગઇ હતી

# શેર બજારના ધંધાર્થી યુવાને ઝેર પી જીવતર ટૂંકાવ્યું

## એક અઠ્ઠાવીસ વર્ષના યુવાનનું સેન્ટીંગ કામ કરતી વખતે દિલની દગાખોરીથી મૃત્યુ: બંને યુવાને એઇમ્સ હોસ્પિટલમાં દમ તોડ્યો: આપઘાતનું કારણ અકળ રહેતાં પોલીસે યથાવત રાખી તપાસ : બેભાન હાલતમાં છેતાલીસ વર્ષના મહિલાએ દમ તોડ્યો

રાજકોટ તા. ૧૮

અલગ અલગ કારણોસર લોકો મહામુલી જિંદગીને તરછોડી દેતાં હોય છે. કોઇ આર્થિક ભીંસને કારણે કે પછી કોઇ વ્યાજખોરીમાં ફસાઇ જવાને કારણે તો કોઇ પ્રેમપ્રકરણમાં નીષ્ફળતા કે પછી ગૃહકલેશને કારણે અને કોઇ જિંદગીથી કંટાળીને કે અકળ કારણે આપઘાત કરી લેતાં હોય છે. આ વચ્ચે શહેરના જામનગર રોડ પર રહેતાં અને શેર બજારનું કામ કરતાં યુવાને પરા પીપળીયા નજીક ફાટક પાસે ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. જો કે આ બનાવમાં આપઘાતનું કારણ બહાર આવ્યું નહોતું. બીજા એક આત્મહત્યાના બનાવમાં એક પ્રૌઢે એકલવાયા જીવનને કારણે જિંદગીથી કંટાળી જઇ મોતનો રસ્તો અપનાવી લીધો હતો.

માહિતી જોઇએ તો જામનગર રોડ સૂર્યકાંત હોટેલની પાછળ રત્નમ સ્કાય સીટીની બાજુમાં ગુલમહોર વૂડ બંગલોઝ નંબર-૧૯ ખાતે રહેતાં દિવ્યાંગભાઇ રાજેશભાઇ પોબારૂ નામના એકત્રીસ વર્ષના યુવાને ગત સાંજે જામનગર રોડ પર જલારામ ફૂડ કોર્ટ પાછળ પરા પીપળીયા રેલ્વે ફાટક પાસે ઝેરી દવા પી લેતાં કોઇએ જાણ કરતાં ૧૦૮ પહોંચી હતી. તુરત જ દિવ્યાંગભાઇને સારવાર માટે એઇમ્સ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ ટુંકી સારવાર બાદ મૃત્યુ થયું હતું.

આપઘાતના આ બનાવની જાણ એઇમ્સ હોસ્પિટલ મારફત થતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના આસી. સબ ઇન્સ. મનિષભાઇ એ. વાઘેલાએ ત્યાં પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ દિવ્યાંગભાઇ પોબારૂ શેર બજારનું કામકાજ કરતાં હતાં અને અપરિણીત હતાં. આપઘાતનું કારણ જાણવા તપાસ યથાવત રાખાવમાં આવી હતી.

આપઘાતના બીજા એક બનાવમાં વાંકાનેરમાં રહેતાં પ્રૌઢે એસિડ પી આપઘાત કરી લીધો હતો. જાણવા મળ્યા મુજબ વાંકાનેર આંબેડકરનગર-૫માં રહેતાં પચાસ વર્ષના દેવજીભાઇ હરિભાઇ ચાવડાએ ગઇકાલે સવારે સાડા પાંચેક વાગ્યે એસિડ પી લેતાં વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે




વાંકાનેર પોલીસને જાણ કરી હતી. મૃતક દિવ્યાંગ હતાં અને એકલવાયુ જીવન જીવતાં હોઇ કંટાળી જતાં પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું.

અપમૃત્યુની બીજી ઘટનામાં વધુ એક યુવાનને દિલ દગો દઇ ગયું હતું. અઠ્ઠાવીસ વર્ષના યુવાનનું હૃદય ધબકારા ચુકી જવાને કારણે તેનું મૃત્યુ થયું હતું. જામનગર રોડ પર માધાપરમાં રહેતો યુવાન સેન્ટીંગ કામ કરતી વખતે ઢળી પડતાં સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ ટુંકી સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. માધાપરમાં ઇશ્વરીયા ફાટકની બાજુમાં ડોગ સેન્ટર ખાતે રહેતાં અને ત્યાં જ કામ કરતાં પંકજભાઇ શૈલેષકુમાર રામ જેની ઉમર અઠ્ઠાવીસ વર્ષની હતી તે ડોગ સેન્ટર ખાતે હાલ સાઇટ ચાલુ હોઇ ત્યાં સેન્ટીંગ કામ કરતાં હતાં ત્યારે એકાએક બેભાન થઇ જતાં એઇમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં.

પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. ગાંધીગ્રામના એએસઆઇ મનિષભાઇ એ. વાઘેલાએ જરૂરી કાર્યવાહી કરી હતી. હાર્ટએટેક આવી ગયાનું ખુલ્યું હતું. આમ બે ઘટનામાં બે યુવાનની જિંદગી ખતમ થઇ ગઇ હતી. એક યુવાને જાતે જીવ આપી દીધો હતો, બીજા યુવાનનો દિલની ધડકન બંધ પડવાથી જીવ ગયો હતો.

અપમૃત્યુના અન્ય એક બનાવમાં શહેરના મવડી રોડ પર અલ્કા સોસાયટી-૭/૧૧માં રહેતાં દિપ્તીબેન મગનભાઇ ઉંધાડ નામના છેતાલીસ વર્ષના આધેડ સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને કરી હતી. મૃતક બે ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં અને અપરિણીત હતાં. બિમારીથી મૃત્યુ થયાનું સગાએ જણાવ્યું હતું.

ટેલીગ્રામ ચેનલથી ગઠીયાઓએ સંપર્ક કરી એવા વિડીયો બતાવ્યા કે યુવાન અંજાઇ ગયો

# રોજના ૭૨ હજાર કમાવવા જતાં ગુમાવ્યા ૧૩ લાખ

## બીજી તરફ વેપારીને મિત્રના વ્હોટ્સએપમાંથી લગ્નનું આમંત્રણ મળ્યું: ફાઇલ ઓપન કરતાં જ આવી ગયો ચાર લાખનો ચાંદલો

રાજકોટ તા. ૧૮

સાયબર ગઠીયાઓ ક્યારે કેવી રીતે લોકોને ઠગાઇની જાળમાં ફસાવી લે તેનો અણસાર સુધ્ધા આવતો હોતો નથી. હવે ગઠીયાઓએ વળી એક નવો તુક્કો અજમાવ્યો હતો. આ વખતે નાણા મંત્રીનો નકલી વિડીયો સોશિયલ મિડીયા પર બતાવી રોકાણના નામે ઠગાઇ કરી હતી. બાવીસ હજારના રોકાણ પર રોજ પંચોતેર હજારની કમાણીની લાલચ આપી ગઠીયાએ બેંકના આસીસ્ટન્ટ મેનેજરના બાર લાખ એંસી હજાર પડાવી લીધા હતાં. આ ફ્રોડમાં ગઠીયાઓએ ટેલીગ્રામ ચેનલનો ઉપયોગ કર્યો હતો.

વિગતો જોઇએ તો આ ઘટના વડોદરાની છે. સોશિયલ મીડિયા પર કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણના નામે બનાવટી વીડિયો બતાવી શેરબજારમાં ક્વોન્ટમ એઆઇ સ્કીમમાં રોકાણ કરવાથી રોજની મોટી કમાણી થવાની લાલચ આપી સાયબર ઠગોએ વડોદરાની ખાનગી બેંકના આસિસ્ટન્ટ મેનેજર સાથે ઠગાઈ આચરી હતી. અલી નામના વ્યક્તિ સહિતના શખ્સોએ એપ્લિકેશન કોલ અને ટેલિગ્રામ મારફતે સંપર્ક કરી અલગ-અલગ બેંક ખાતામાં રકમ ટ્રાન્સફર કરાવી હતી. એટલું જ નહીં, સાઉદીમાં ક્રૂડ ઓઇલના રોકાણમાં સારો નફો થશે તેમ કહી બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડ મારફતે બાર લાખ એંસી હજાર રૂપિયા પડાવ્યા હતા વેબસાઈટમાં નફા સાથેની રકમ નહીં ઉપાડી આપી વધુ રૂપિયાની માંગણી કરતા મેનેજરે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

વધુ મીહતી અનુસાર સનફાર્મા રોડ પર રહેતા અને અઢાર વર્ષથી ખાનગી બેંકમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરતો યુવક ગત ૧૫ ફેબ્રુઆરીએ સોશિયલ મીડિયા જોઈ રહ્યો હતો ત્યારે એક ન્યૂઝ ચેનલના એન્કર દ્વારા નાણામંત્રી નિર્મલા સીતારમણનો વીડિયો દર્શાવતી જાહેરાત જોવા મળી હતી. વીડિયોમાં ક્વોન્ટમ ખ્ત્માં રૂ.૨૨ હજારનું રોકાણ કરવાથી રોજ રૂ.૭૫ હજાર અને મહિને લાખો રૂપિયાની કમાણી થવાની લાલચ આપવામાં આવી હતી. આ જાહેરાતની લિંક પર જઈને નામ, મોબાઇલ નંબર, ઈ-મેઈલ, જન્મ તારીખ, સરનામું સહિતની વિગતો ભરી હતી. ત્યારબાદ અલી નામના વ્યક્તિનો એપ્લિકેશન કોલ




આવ્યો હતો.

તેણે શેરબજારમાં રોકાણની સ્કીમ સમજાવી રૂ.૨૨ હજાર ઉપરાંત ચાર્જ સાથે રૂ.૨ હજાર ભરાવ્યા હતા, ત્યારબાદ ઠગોએ 'સાઉદીના બાદશાહ સાથે વાત કરાવી ક્રૂડ ઓઇલમાં રોકાણ કરવાથી યુદ્ધના કારણે ભાવ વધશે અને સારો નફો મળશે તેવી વાત કરી વધુ રકમો પડાવી હતી. ફરિયાદીએ અલગ-અલગ બેંક ખાતામાં રૂ.૧૦.૨૫ લાખ ટ્રાન્સફર કર્યા હતા. આ ઉપરાંત ક્રેડિટ કાર્ડમાંથી પાંચ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.૨.૫૫ લાખથી વધુની રકમ ડેબિટ થઈ હતી. આ દરમિયાન ઠગોએ એપમાં રોકાણની મોટી રકમ દેખાડી વિશ્વાસ જાળવી રાખ્યો હતો. પણ રકમ ઉપાડવાનો પ્રયાસ કરતાં એપમાં બેલેન્સ શૂન્ય દેખાયું હતું. ત્યારબાદ વિદેશી મોબાઇલ નંબર પરથી ફોન કરી રકમ પરત મેળવવા માટે વધુ ૭ લાખ રૂપિયા ભરવા પડશે તેમ કહ્યું હતું. આ સમયે યુવકને પોતાની સાથે સાયબર છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં તેમણે ૧૯૩૦ હેલ્પલાઇન પર ફરિયાદ કરી હતી. જેના આધારે વડોદરા સાયબર ક્રાઇમ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી ઠગાઇ જોઇએ તો વડોદરામાં સાયબર ઠગોએ હવે વેડિંગ ઇન્વિટેશનના નામે ફાઇલ મોકલીને બેંક ખાતાં ખાલી કરવાનો નવો કીમિયો અજમાવ્યો હતો વડોદરા શહેરના સુભાનપુરાના વેપારીએ મિત્રના હેક થયેલા વોટ્સએપ પરથી આવેલી વેડીંગ ઇન્વીટેશન એપ ફાઇલ ડાઉનલોડ કર્યા બાદ તેમના બેંક ખાતામાંથી અલગ-અલગ ૪.૧૭ લાખ રૂપિયા ઉપડી ગયા હતા. જ્વેલર્સને ફરિયાદના આધારે સાયબર ક્રાઇમ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. સુભાનપુરા વિસ્તારમાં રહેતા અને બાબુભાઈ જ્વેલર્સની દુકાન ધરાવતા ચેતનકુમાર સોનીએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના મોબાઇલ પર બેંક ખાતામાંથી રકમ ઉપડી ગયાના મેસેજ આવ્યા હતા. ૪.૧૭ લાખ રૂપિયા પાંચ અલગ-અલગ ટ્રાન્ઝેક્શનથી ઉપડી ગયા હતા.

તેમણે રકમ ઉપડી ગયાની જાણ થતાં વેપારીએ તાત્કાલિક બેંક ઓફ બરોડાની સુભાનપુરા શાખાના મેનેજરનો સંપર્ક કરી ખાતું ફ્રીઝ કરાવ્યું હતું. ત્યારબાદ બેંકમાં ફરિયાદ કરી હતી. વેપારીના મોબાઇલની તપાસ દરમિયાન એપીકે ફાઇલ મળી હતી. તેમના મિત્રના વોટ્સએપ નંબર પરથી આ ફાઇલ આવી હતી. ફાઇલ ઓપન કરવાનો પ્રયાસ કરતાં તે ખૂલી નહોતી. બાદમાં મિત્રનો સંપર્ક કરતાં તેમનો મોબાઇલ હેક થયો હોવાનું જાણવા મળ્યું હતું. હેક થયેલા વોટ્સએપ નંબર પરથી આવેલી એપીકે ફાઇલ ખોલતાં જ ઠગાઇ થઇ ગઇ હતી.

# બોર્ડ બેઠકમાં અધિકારીઓને છૂટશે પરસેવો

## આવાસ યોજના, વિજીલન્સ રિપોર્ટ, ટીપી શાખા અને જન્મ-મરણ વિભાગના 'અણીયારા' પ્રશ્નોથી ગરમાશે બોર્ડ

રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભા આજે મેયર ડો. નેહલ શુક્લના અધ્યક્ષસ્થાને યોજાનાર છે. આ બેઠકના એજન્ડામાં ૩ મુખ્ય દરખાસ્તો અને કુલ ૧૦ કોર્પોરેટરો દ્વારા પૂછાયેલા ૨૩ પ્રશ્નો (ભાજપઃ ૧૫, કોંગ્રેસઃ ૮) સમાવવામાં આવ્યા છે. સભા શરૂ થતા પહેલા જ વિજીલન્સના નિષ્ફળ સેમ્પલ, જન્મ-મરણ નોંધણીનો બેકલોગ તેમજ ગેરકાયદે બાંધકામો મુદ્દે પૂછાયેલા તીખા પ્રશ્નોના કારણે અધિકારીઓ પર જવાબો તૈયાર કરવાનું ભારે હોમવર્ક આવી પડ્યું છે.

બેઠકની શરૂઆતમાં સતત બીજી વખત વોર્ડ નં. ૫ ના ભાજપના કોર્પોરેટર સંજય ચાવડાનો પ્રશ્ન પ્રથમ ક્રમે આવ્યો છે. તેમણે શહેરમાં બનેલી આવાસ યોજનાઓ, ઝૂંપડપટ્ટી હટાવી અપાયેલા આવાસો, હાલનો કબ્જો, વોર્ડવાઇઝ ખાલી આવાસોની સ્થિતિ અને ભવિષ્યમાં હટાવવાની ઝૂંપડપટ્ટીઓની યાદી માગી છે. આ ઉપરાંત તેમણે આરોગ્ય શાખાની કામગીરી, આયુષ્માન આરોગ્ય મંદિર, વાહન સુવિધાઓ તેમજ ગ્રાન્ટ વપરાયા વિના પરત જવા પાછળની બેદરકારી અંગે પણ વિગતવાર ખુલાસો પૂછ્યો છે. બીજા ક્રમે વોર્ડ નં. ૧ ના અંજનાબેન મોરઝરીયાએ આંગણવાડીના બાળકોને મળતા લાભો, ધાત્રી માતાઓ માટેની આરોગ્ય સગવડો અને સગર્ભા બહેનોને મળતી સુવિધાઓ અંગે માહિતી માંગી છે.

ત્યારબાદ વોર્ડ નં. ૯ ના ભાજપના કોર્પોરેટર જાનકીબેન કાટોળીયાએ વિજીલન્સ વિભાગ દ્વારા છેલ્લા ૨ વર્ષમાં લેવાયેલા ડામર કામ અને સીવીલ વર્કના નમૂનાઓ, ફેલ થયેલા સેમ્પલ, અને તેના માટે જવાબદાર કોન્ટ્રાક્ટરો તથા અધિકારીઓ સામે કરાયેલી શિક્ષાત્મક કાર્યવાહીનો રિપોર્ટ પૂછ્યો છે. વોર્ડ નં. ૧૧ ના કોર્પોરેટર રક્ષિત કલોલાએ પાણીની ડી.આઈ. લાઈનોના બાકી કામો, નાગરિકોની ફરિયાદો અને ખાનગી સોસાયટીઓમાં પાઈપલાઈન નાખવાની નીતિ અંગે સ્પષ્ટતા માગી છે.

બીજી તરફ, વોર્ડ નં. ૧૬ ના કોર્પોરેટર અને વિપક્ષી નેતા દીપ્તિબેન સોલંકીએ જન્મ-મરણ વિભાગની ખાડે ગયેલી વ્યવસ્થા અને ૧૦,૦૦૦ થી વધુ અટવાયેલી અરજીઓ અંગે આકરા પ્રશ્નો કર્યા છે. તેમણે અગાઉ અને હાલ કયા પોર્ટલ પર કામ થાય છે, ઝીરો બેકલોગ થવામાં કેટલો સમય લાગશે, અટકેલી અરજીઓના કારણો અને આ પ્રમાણપત્ર આધાર કાર્ડની કામગીરીમાં માન્ય ગણાય છે કે નહીં તે મુદ્દે જવાબ માગ્યો છે. સાથે જ આ કામગીરી કેન્દ્ર અને રાજ્યના કયા મંત્રી કે વિભાગ હેઠળ આવે છે તેની વિગત પણ માંગી છે.

અંતમાં, કોંગ્રેસના સભ્યોએ ટાઉન પ્લાનિંગ (TP) શાખાને ઘેરતા ત્રણેય ટાઉન પ્લાનરોની ભરતીથી માંડી આજ સુધીની કામગીરી, ગેરકાયદે બાંધકામો માટે આપેલી નોટિસોની વોર્ડવાઇઝ વિગત, હકીકત લક્ષી સ્થિતિ અને કરેલા ડિમોલિશનનો હિસાબ માગ્યો છે. નોટિસ આપ્યા છતાં બાંધકામ ચાલુ રહ્યા હોય તો જવાબદાર અધિકારીઓની જવાબદારી, સરકાર અને સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈનની અમલવારી તેમજ બી.યુ. પરમિશન (ઈઝ્રઙ) અને પ્લાન મંજૂરી સંબંધિત તમામ ફરિયાદો અંગે તંત્ર પાસે સ્પષ્ટતા માગવામાં આવી છે.




### ટીપી શાખા અને ગેરકાયદે બાંધકામોઃ ટાઉન પ્લાનરોની જવાબદારી અંગેના પૂછાયા પ્રશ્નો

**કોંગ્રેસના સભ્યોએ ટાઉન પ્લાનિંગ (TP) શાખાની કામગીરી અને અનધિકૃત બાંધકામો સામે કડક વલણ અપનાવ્યું છે**

- ભરતી અને નોટિસોઃ ત્રણેય ટાઉન પ્લાનરોની ભરતીથી માંડી આજ સુધીની કામગીરી અને ત્રણેય ઝોનમાં ગેરકાયદે બાંધકામો માટે આપેલી નોટિસોની વોર્ડવાઈઝ વિગત.
- ડિમોલિશન અને ગાઈડલાઈન્સઃ હકીકત લક્ષી સ્થિતિ, કરેલા ડિમોલિશન, તેમજ સરકાર અને સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબની અમલવારી.
- અધિકારીઓની જવાબદારીઃ નોટિસ આપ્યા છતાં બાંધકામ ચાલુ રહ્યા હોય તો જવાબદાર ત્રણ ટાઉન પ્લાનરો સામે શું કાર્યવાહી થઈ શકે? બી.યુ. પરમિશન અને પ્લાન મંજૂરી સંબંધિત તમામ ફરિયાદોનો હિસાબ.

### જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને બે મહત્વપૂર્ણ બેઠકો

# લેન્ડ ગ્રેબિંગ બેઠકમાં 30 કેસ પર સુનાવણી

### લોકપ્રશ્નોની ચર્ચા સાથે જમીનો હડપનારા સામે કડક કાર્યવાહીના સંકેત



રાજકોટ, તા. ૧૮

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશના અધ્યક્ષ સ્થાને 'ફરિયાદ સંકલન' અને 'લેન્ડ ગ્રેબિંગ કમિટી'ની ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. દિવસ દરમિયાન બે અલગ-અલગ સેશનમાં યોજાનારી આ બેઠકોમાં એક તરફ જિલ્લાના પડતર પ્રશ્નો અને વિકાસકામોનો નિકાલ લાવવામાં આવશે, તો બીજી તરફ જમીન પચાવી પાડનારા તત્વો સામે કાયદાનો શિકંજો કસવામાં આવશે.

સવારના પ્રથમ સેશનમાં જિલ્લા ફરિયાદ સંકલન સમિતિની બેઠક યોજાશે, જેમાં જિલ્લાના તમામ ધારાસભ્યો અને સાંસદો વિશેષ રૂપે ઉપસ્થિત રહેશે. આ બેઠક દરમિયાન પ્રજાતિના સીધા સ્પર્શતા પ્રશ્નો જેવા કે રોડ-રસ્તા, પીવાના પાણીની સુવિધા, ઘાસચારાની અછત તેમજ અન્ય વિકાસકામો અંગે ગંભીર ચર્ચા-વિચારણા કરીને નિર્ણયો લેવામાં આવશે. લોકપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા જનહિતના પ્રશ્નોનું સકારાત્મક અને ઝડપી નિવારણ લાવવાનો મુખ્ય હેતુ રહેશે.

ત્યારબાદ સાંજના બીજા સેશનમાં યોજાનાર લેન્ડ ગ્રેબિંગ કમિટીની બેઠકમાં ભૂમાફિયાઓ સામે લાલ આંખ કરવામાં આવશે. કલેક્ટર કચેરીના સૂત્રોના જણાવ્યા અનુસાર આ બેઠકમાં જમીન પચાવી પાડવા સંબંધિત કુલ 30 કેસોની સુનાવણી હાથ ધરવામાં આવશે. જેમાંથી ૭ થી ૮ કેસોના અરજદારોને રૂબરૂ સુનાવણી માટે ઉપસ્થિત રહેવા માટે ફરમાન કરવામાં આવ્યું છે. સરકારી જમીનો પર થયેલી ગેરકાયદે પેશકદમી તેમજ ખાનગી મિલકતો હડપ કરનારાઓ સામે આ બેઠકમાં કડક કાયદાકીય પિંચુડા સજ્જડ કરવામાં આવશે.

આ બંને ઉચ્ચ સ્તરીય બેઠકોમાં જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ ઉપરાંત અધિક કલેક્ટર બારોટ, મ્યુનિસિપલ કમિશનર, ઉચ્ચ પોલીસ અધિકારીઓ, તમામ પ્રાંત અધિકારીઓ અને ડેપ્યુટી કલેક્ટર સહિતના કમિટીના તમામ સભ્યો ખાસ હાજર રહેશે.

# શિક્ષણ સમિતિની ચૂંટણી બનશે રોમાંચક

## ૧૫૦થી વધુ દાવેદારોના દબાણ વચ્ચે 'કમલમ'માં દોડધામ : ભાજપના ૬૨ વર્ષના સુધારેલા માપદંડથી અનેક જૂના જોગીઓ અને નવા ચહેરાઓની અપેક્ષાઓ વધી

રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની નવી ટર્મની ચૂંટણીનું જાહેરનામું મેયર દ્વારા બહાર પાડવામાં આવતા જ સ્થાનિક રાજકારણમાં ભારે સળવળાટ જોવા મળી રહ્યો છે. છેલ્લા ચાર મહિનાથી શાંત બેઠેલા નેતાઓ અને કાર્યકરો એકાએક સક્રિય થઈ ગયા છે. તા. ૨૧ ઓક્ટોબરના રોજ જનરલ બોર્ડ સભાખંડમાં ૧૨ બેઠકો માટે મતદાન અને પરિણામ યોજાનાર છે, ત્યારે ભાજપમાંથી ટિકિટ મેળવવા માટે દાવેદારોએ દબાણ અને લોબિંગ તેજ કરી દીધું છે.

સ્થાનિક મહાપાલિકાની ગત ચૂંટણીમાં ટિકિટથી વંચિત રહી ગયેલા ૪૫ જેટલા પૂર્વ કોર્પોરેટરો, બે ડઝનથી વધુ નવા-યુવા ચહેરાઓ તેમજ જૂના જોગીઓ ચેરમેન અને સભ્ય બનવાની રેસમાં ઉતરી પડ્યા છે. પક્ષ દ્વારા આ વખતે સમિતિના સભ્યપદ માટે ૬૨ વર્ષની વયમર્યાદા નક્કી કરાતા અનેક વરિષ્ઠ નેતાઓની આશા બુલંદ બની છે. આ ઉપરાંત અનામત સિવાયની બેઠકો પર સ્નાતક (ગ્રેજ્યુએટ) ઉમેદવારોની પસંદગીના માપદંડમાં બંધબેસતા હોય તેવા આશરે ૧૫૦ જેટલા દાવેદારોની યાદી ભાજપ પ્રમુખ પાસે પહોંચી છે.

હાલ ચાલતા ગણેશોત્સવનો ઉપયોગ ટિકિટ વાંચ્છુકો પોતાની હાજરી નોંધાવવા માટે કરી રહ્યા છે. રેસકોર્સ મેદાનથી માંડીને વિવિધ પંડાલોમાં નેતાઓ અને કાર્યકરો સમયસર પહોંચી પ્રદેશ તથા સ્થાનિક નેતાઓની નજરમાં આવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વિશેષ કરીને મહાનુભાવોની આરતી સમયે કાર્યકરો પોતાના સમર્પણનું પ્રદર્શન કરી રહ્યા છે. સામાકાંઠા વિસ્તારમાંથી પણ બે-ત્રણ નામો ચર્ચામાં આવ્યા છે. લાંબા સમયથી પાર્ટી માટે પડદા પાછળ કામ કરનારા અને અગાઉ હોદ્દા ભોગવી ચૂકેલા પૂર્વ પદાધિકારીઓ પણ હવે ઈનામ મેળવવાની રાહ જોઈ રહ્યા છે. જોકે, બદલાયેલા આંતરિક સમીકરણો મુજબ આ વખતે પણ સમિતિના સભ્યોના નામો આખરી મોહર માટે ગાંધીનગર અને પ્રદેશ નેતૃત્વ પર નિર્ભર રહેશે. સંખ્યાબળ મુજબ ૧૧માંથી એક સભ્ય કોંગ્રેસનો આવી શકે છે, પરંતુ હાલ પૂરતું તો ભાજપના આંતરિક જૂથો વચ્ચે ટિકિટ મેળવવાનો ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે.




### સત્તા અને સંગઠનમાં સિસ્ટમ બદલાઈ : કમલમમાં શાસકો સાથે સીધી અને 'એકલા' વાતચીતથી ચર્ચાનો માહોલ

પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી અનિરૂદ્ધ દવેની રાજકોટ મુલાકાતને લઈને મનપા અને ભાજપ વર્તુળોમાં ભારે ગરમાવો વ્યાપી ગયો છે. મહાપાલિકા અને ભાજપ સંગઠનમાં કામ કરવાની નવી પદ્ધતિ અને શાસકોની સ્ટાઈલ સામે કેટલાક ક્ષેત્રોમાં અસંતોષની અટકળો વચ્ચે યોજાયેલી આ બેઠક અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. સમૂહ બેઠક બાદ કોર્પોરેટરોને પ્રદેશ મહામંત્રીને 'વ્યક્તિગત' મળવાની અપાયેલી છૂટછાટે રાજકારણ ગરમ કર્યું છે. 'કોણ, કોની અને શું રજૂઆત કરશે?' તે મુદ્દે ચૂંટાયેલા સભ્યોમાં ગુપ્ત ભય અને ચર્ચા જોવા મળી રહી છે.રેસકોર્સના ગણપતિ દર્શનના સત્તાવાર કાર્યક્રમ સિવાય, શિક્ષણ સમિતિની આગામી ચૂંટણી અને સંગઠન-સત્તા વચ્ચેના તાલમેલ મુદ્દે ઊંડી ચર્ચા થવાની શક્યતા છે.

### મનપાની વ્યાજ માફી યોજના સુપરહિટ

# દોઢ માસમાં ૭.૨૨ કરોડની વસૂલાત

## પાણીવેરાની વસૂલાત અને અનલિંક વોટર કનેક્શન્સ શોધીને કાયદેસર કરવાની કામગીરી : ૬૯ અનલિંક વોટર કનેક્શન સિસ્ટમમાં ઉમેરાયા

રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને જૂના બાકી વેરામાંથી રાહત આપવા અને તંત્રની આવક વધારવા માટે શરૂ કરાયેલી ₹૧૦,૦૦૦ સુધીની વ્યાજ માફી યોજના તંત્ર માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. ઓગસ્ટ માસથી શરૂ કરાયેલી આ પ્રોત્સાહક યોજનાને શહેરીજનો તરફથી બહોળો આવકાર મળ્યો છે. છેલ્લા દોઢ માસના ટૂંકા ગાળામાં જ શહેરના ૩,૯૩૧ જેટલા મિલકતધારકોએ આગળ આવીને પોતાના બાકી લેણાં ચૂકતે કર્યા છે, જેના પરિણામે મહાપાલિકાની તિજોરીમાં ૭,૨૨,૫૭,૮૨૫ની માતબર રકમ જમા થઈ ચૂકી છે. આ આવકની સામે તંત્ર દ્વારા નિયમ મુજબ કરદાતાઓને ૯૯,૫૦,૮૧૯ની વ્યાજ માફીની રાહત આપવામાં આવી છે.

વેરા વિભાગના મેનેજર વત્સલ પટેલના જણાવ્યા મુજબ, મેયર ડો. નેહલ શુક્લે પદભાર સંભાળ્યા બાદ મહાનગરપાલિકાના નાણાકીય માળખાને મજબૂત કરવા વહીવટી કરકસરની સાથે આવક વધારવાના પ્રયાસો હાથ ધર્યા હતા. વર્ષોથી ચડત રહેલા ડિફોલ્ટરોના બાકી વેરાની વસૂલાત અર્થે મિલકતવેરામાં ૫,૦૦૦ અને પાણીવેરામાં ૫,૦૦૦ મળી કુલ ૧૦,૦૦૦ સુધીની વ્યાજ માફી આપતી ખાસ યોજના ઓગસ્ટ અને સપ્ટેમ્બર એમ બે મહિના માટે અમલી બનાવવામાં આવી હતી. તંત્ર દ્વારા કરવામાં આવેલી જાહેર અપીલની સીધી અસર વસૂલાત પર જોવા મળી રહી છે.

યોજના હેઠળ માત્ર મિલકતવેરો જ નહીં પરંતુ વર્ષોથી બાકી રહેલા પાણીવેરાની વસૂલાતમાં પણ મોટી સફળતા મળી છે. શહેરમાં ઘણા



આસામીઓ નિયમિત પાણી મેળવતા હોવા છતાં ટેક્સ ચૂકવતા નહોતા. આ ઝુંબેશ દરમિયાન પાણીવેરા પેટે મહાપાલિકાને ૧૪,૩૨,૧૮૯ની આવક પ્રાપ્ત થઈ છે, જેની સામે મનપાએ કરદાતાઓને ૨,૨૨,૨૭૯ની વ્યાજ માફી આપી છે. આ યોજનાનો સૌથી મોટો ફાયદો એ થયો છે કે વર્ષોથી મનપાના રેકર્ડ પર ચડ્યા વગર પાણીનો વપરાશ કરતા ૬૯ અનલિંક વોટર કનેક્શનોને શોધીને સિસ્ટમમાં લિંકઅપ કરી દેવાયા છે. હવે આ તમામ કનેક્શન કાયદેસર થવાથી મનપાને આગામી વર્ષોમાં કાયમી ધોરણે પાણીવેરાની આવક સુનિશ્ચિત થશે.

અનલિંક વોટર કનેક્શનની વિગત જોઈએ તો, રાજકોટ શહેરના તમામ ૧૮ વોર્ડ પૈકી વોર્ડ નં. ૧માં ૫, વોર્ડ નં. ૨માં ૩, વોર્ડ નં. ૩માં ૪, વોર્ડ નં. ૫માં ૪, વોર્ડ નં. ૬માં ૧, વોર્ડ નં. ૭માં સૌથી વધુ ૨૧, વોર્ડ નં. ૮માં ૧, વોર્ડ નં. ૯માં ૨, વોર્ડ નં. ૧૦માં ૩, વોર્ડ નં. ૧૧માં ૧, વોર્ડ નં. ૧૨માં ૨, વોર્ડ નં. ૧૩માં ૧, વોર્ડ નં. ૧૪માં ૧૦, વોર્ડ નં. ૧૬માં ૨, વોર્ડ નં. ૧૭માં ૬ અને વોર્ડ નં. ૧૮માં ૩ અનલિંક વોટર કનેક્શન લિંકઅપ કરવામાં આવ્યા છે. જોકે વોર્ડ નં. ૧૫માં એક પણ વોટર કનેક્શન લિંકઅપ થયું નથી. આ યોજના સપ્ટેમ્બર માસના અંત સુધી જ અમલમાં રહેવાની હોવાથી, વેરા વિભાગે બાકી લેણાં ધરાવતા તમામ રેસિડેન્શિયલ અને નોન-રેસિડેન્શિયલ મિલકતધારકોને કાનૂની કાર્યવાહીથી બચવા તેમજ ₹૧૦,૦૦૦ સુધીની વ્યાજ માફી મેળવવા તાકીદે વેરો ભરપાઈ કરી દેવા અનુરોધ કર્યો છે. મુદત પૂર્ણ થયા બાદ મનપા દ્વારા બાકીદારો સામે કડક વસૂલાત અને જોડાણ કાપવાની ઝુંબેશ શરૂ કરાશે.